ૐ શ્રી અ સિ આ. ઉ સાય નમ.

દેવ અરિહંત ગુરુ નિર્ગ્રંથ

ધર્મ કેવલી નો પ્રરૂપેલ

તે સત્ય સત્ય ને સત્ય છે.

卐 卐 卐

શ્રી પંચ પરમેષ્ઠી ને નમન

[illegible]

ધર્મ નું પ્રવેશ દ્વાર

શ્રી પંચ પરમેષ્ઠી મહામંત્ર શ્રી નવકાર મંત્ર




શ્રી નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએસવ્વસાહૂણં
એસો પંચ નમોક્કારો
સવ્વપાવપ્પણાસણો
મંગળાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં
નમો નાણસ્સ નમો દંસણસ્સ
નમો ચરિત્તસ્સ નમો તવસ્સ,




"ભાવાર્થ"

૧ શ્રી અરિહંત ૨ શ્રી સિદ્ધ ભગવંત
૩ શ્રી આચાર્ય, ૪ શ્રી ઉપાધ્યાય
૫ શ્રી સર્વ સાધુ સાધ્વીજીઓ
આ પાંચ મહા મંગળકારી
તેવ છે તેમનુ તેઓના
જ્ઞાન, દર્શન,ચારિત્ર
તપ નુ આદર્શન
સમગ્ર કિર્તન
સ્તુતિ કરી
પાપકર્મ
નિવા
રિએ

卐 卐

શ્રી નવકાર મંત્ર રૂપી દીપક ની અખંડ જ્યોતિ
દરેક પવિત્ર હૃદયમાં સદા જ્વલંત બનો.

નિત્ય આરાધના વિધિ

સવારે ઉઠતા સાત નવકાર મહામંત્ર ગણવા.

૧ ઈશાન ખુણા સન્મુખ મા સીમંધર સ્વામીને નમસ્કાર વંદના કરી પ્રાર્થના કરવી.

૨ હે પરમતારક દેવાધિદેવ પ્રભો ! અનાદિ કાળથી આજ સુધી અનંતા ભવોમાં મારા જીવે જે કાંઈ હિંસા, જુઠ ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરીવાદ, રતિઅરતિ, માયામૃષા અને મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનકે નુ સેવન કર્યું હોય કરાવ્યુ હોય, કરતાને અનુમોદન આપ્યું હોય અને અનેરૂં જે કાંઈ વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ આચરણ કર્યું, કરાવ્યું અને અનુમોદન કર્યું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

૩. હે પ્રભો ! આપની ભક્તિના પ્રભાવે મને સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્રરૂપ રત્ન પ્રાપ્તિ થાઓ. ભવોભવ આપનાં ચરણની સેવા મળે જેના પ્રતાપે હું જિન આજ્ઞા અનુસાર ધર્મ આરાધના કરી કર્મોનો નાશ કરી મોક્ષરૂપી સુખ પ્રાપ્ત કરૂં.

રાત્રે સુતી વખતે સાતવાર નવકાર મહામંત્ર ગણવા.


શ્રી અરિહંત દેવોનું, સિદ્ધ ભગવંતોનુ, આચાર્ય સાધુ-સાધ્વીઓનું અને કેવલી પ્રરૂપિત ધર્મનુ શરણું સદાય હોજો મારો આત્મા શાશ્વત છે. જ્ઞાન દર્શન મારા ગુણો છે તે સિવાય બધા પૌદ્ગલીક સંજોગો-સંબંધ, ધન, સ્ત્રી, કુટુંબ વિગેરે આત્માથી જુદા છે તેમાથી કોઈપણ સાથે આવશે નહિ ફક્ત જીનેશ્વર દેવનો ધર્મજ સાથે આવશે.

આહાર શરીર ને ઉપધિ, પચ્ચખું પાપ અઢાર મરણ આવે તો વોસીરે જીવું તો આગાર આજ દિવસ સુદી મારા જીવે જે કાંઈ પુદ્ગલો ગ્રહણ કરીને મુક્યા હોય તેને ત્રિવિધે-ત્રિવિધે કરી વોસિરાવું છું.

પ્રાણી માત્ર પ્રત્યેમૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાઓ રાખું સર્વેયા સહ સુખી થાઓ પાપને ન કોઈ આચરો, રાગ દ્વેષથી મુક્ત થઈને મોક્ષ સૌ સદુ જગ વરો શ્રી સિદ્ધ પરમાત્માની સાક્ષીએ હુ આલોચના કરૂ છુ મારે કોઈ સાથે વેર વિરોધ નથી ચૌદ રાજલોકમાં પરિભ્રમણ કરતાં સર્વ જીવો કર્મવશ છે તે સર્વ જીવો ને ખમાવુ છું તે સર્વ મને મારા સર્વ અપરાધોની ક્ષમા આપો. જે જે મન વચન અને કાયાથી પાપ કર્યું હોય તે મિથ્યા દુંકૃત થાઓ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રી ગોંડલ સંપ્રદાયના પ્રાતઃ સ્મરણીય બા બ્ર પૂ
શ્રી ૧૦૦૮ તપસ્વીજી માણેકચંદજી મહારાજની જય હો.



જન્મ સંવત ૧૯૧૫ જેતપુર દીક્ષા સંવત ૧૯૨૮ પોષ સુદી ૮, માણાવદર મુકામે.
નિર્વાણ સંવત ૧૯૭૯ માગશર સુદ ૧૫ રવિવાર " જેતપુર " સંથારો દીન ૧૯
વૈરાગ્યવંતા શાસન શિરોમણી વડીલ બંધુ બા બ્ર પૂ જયચંદજી મહારાજના
લઘુ બંધુ આત્મ વિજેતા ધર્મ ધુરંધર શાસન દિપક તપસ્વીજી બા. બ્ર પૂ માણેકચંદજી
મહારાજ શ્રીને સૌના કોટિ કોટિ વંદન હજો.

[illegible]

[illegible] શ્રી [illegible]

[illegible]

[illegible] ॥ કલ્યાણી ॥

અદ્ભુત વિભૂતી ગુણાલય [illegible] ॥ કલ્યાણી ॥
[illegible] ॥ કલ્યાણી ॥
[illegible] મુનિજન [illegible] ॥ કલ્યાણી ॥
[illegible] ॥ કલ્યાણી ॥
ગુરુ [illegible] ॥ કલ્યાણી ॥
ગુરુ ઉપદેશ [illegible], અનેક [illegible] છે ॥ કલ્યાણી ॥
[illegible] ગુરુ [illegible], [illegible] છે ॥ કલ્યાણી ॥
[illegible] છે ॥ કલ્યાણી ॥
[illegible] છે ॥ કલ્યાણી ॥
[illegible] પ્રકાશી [illegible] છે ॥ કલ્યાણી ॥

• આમુખ •

શ્રદ્ધાશીલ ધર્મ-પ્રેમી ભક્તિ સંપન્ન શ્રી ગીરધરલાલ સતચંદ દોશી પોતાની જન્મભૂમિ મેંદરડાની ધરતી પર રહીને ઉંડા સુધી જીવનમાં તેમના પૂ. પિતાશ્રી સતચંદભાઈ મુળજી દોશીના ઉજ્જ્વળ અને પ્રેરણાત્મક જીવનનો પરિચિત ધાર્મિક વારસો પામી, ગોંડલ ગચ્છ આદિ પૂજ્યપાદ મુનિવરો અને પૂ. મહાસતીજીઓના સારા સત્સંગમાં આવેલ છે. અને તેમના ભક્તિશીલ જીવનમાં ધર્મનો સારો રંગ જામેલ છે.

આ પ્રસ્તુત પુસ્તિકામાં સંગ્રહ તેમની શ્રદ્ધા અને ભક્તિનું જ પરિણામ છે. પરમપૂજ્ય પિતાશ્રીના પુણ્ય પ્રતાપે તેમજ સુયોગ્ય સંતાનોના શુભ યોગે ગીરધરભાઈ દોશીને ઇન્દોરના વસવાટે સમયની જે અનુકૂળતા મળી છે. તેનો સદ્ ઉપયોગ આવા લેખન કાર્યના સંકલન પાછળ વિતાવી રહ્યા છે જેથી તેમનો નિવૃત્ત સમય સાર્થક અને સફળ બન્યો છે, તેમ લખ્યા વિના રહેતું નથી. ભક્તિ અને શ્રદ્ધાના વેગે તેઓ પોતાની વય અને નાની મોટી બીમારીના કારણો ને પણ દબાવી દીધા છે અને ધર્મ માં પ્રતિમય જીવન ગાળે છે.

શ્રદ્ધા જે પરમ દુર્લભ" સદ્ધા પરમ દુલ્લહ" આ ઉ. સુ. ના ત્રીજા અધ્યયનમાં વર્ણવેલ છે તે દુર્લભ તત્ત્વ ગીરધરભાઈ ને સહજ પ્રાપ્ત થયેલ છે.

સર્વ જીજ્ઞાસુવર્ગ ને આ સંકલન પુસ્તિકા જેટલી અત્યારે ઉપયોગી છે, તેથી વિશેષ આગળ જતા ચતુર્વિધ શ્રી સંઘ ને ઘણીજ ઉપયોગી નિવડશે, ભાવિના ઇતિહાસકારો માટે આગળ જતાં આ સંકલન મોટું માર્ગદર્શન દેશે તેમાં કાંઈ શંકા નથી.

સર્વ જીજ્ઞાસુ ધર્મ પ્રેમીઓ ભક્તિ પૂર્વક આ સંકલન નો સદ્ ઉપયોગ કરે તેવી શ્રી ગીરધરભાઈની ભાવનાને માન આપશે તેવી આશા સાથે વિરામ.

મેંદરડાના નેત્રયજ્ઞ ના સમાગમે તા. ૧૫-૧૧-૭૯

બા. બ્ર. પૂ. જનકમુનિ

બે બોલ

સ્વધર્મી બંધુ શાસનપ્રિય સુ. શ્રાવકજી મા. ગીરધરલાલ સવચંદભાઈ દોશી વતન મેંદરડા, હાલ ઈન્દોર

આજથી આપશ્રી મારી રૂબરૂની મુલાકાતમાં આપે આપની વર્ષો ઈચ્છા પુર્ણ કરવા માર્ગ દર્શન મેળવવા આવેલા ત્યારથી ખુબજ આનંદ થયો.

આપશ્રી ગોંડલ સમાજના પ્રાત સ્મરણીય પુ આચાર્ય શ્રી ૧૦૦૮ પુ. ડુંગરસિંહજી મ. ના સંપ્રદાયના તથા સંઘાણી સંપ્રદાયના હાલમાં વિચરી રહેલ બિરાજમાન દરેક પુ. મુનિવરો તથા પુ. મહાસતીજીઓની સર્વ માહિતી તથા અન્ય માહિતીઓ એકઠી કરીને તે તમોએ આપશ્રીએ તેને પુસ્તિકા રૂપે છપાવી પ્રસિદ્ધિ રૂપે પ્રગટ કરી. શ્રી ગોંડલ સમાજના ચતુર્વિધ સંઘમાં ભેટ તરીકે અર્પણ કરવા ઈચ્છા જણાવી તે જાણી મને ખુબજ આનંદ અને સંતોષ થાય છે.

તમારા જેવા ધર્મના સેવાભાવી નિસ્વાર્થી ધર્મના ધગશ વાળાઓ જે માહિતી મેળવી જે પુસ્તિકા તૈયાર કરી છે, તે અત્યારે તથા ભાવિ પેઢીને ચતુર્વિધ શ્રી સંઘ સંપ્રદાય દરેક ને ધાર્મિક ઉપયોગી નિવડશે

અત્યાર સુધીમા પુ. મુનિવરો ના નામની પટાવલી ના સંપાદક પુ તપસ્વી જગજીવનજી મહારાજે સ્વ ગુરૂદેવ પુ. પ્રાણલાલજી મ. ના કર કમળથી સંપૂર્ણ ૧૧૬ મુનિવરોની વિગત વિ સ. ૨૦૧૪ માં ગોંડલ ગચ્છ પટાવલીમા પ્રસિદ્ધ કરેલ છે

પરંતુ પુ મહાસતીજીઓની નામાવલી કે વિગત નથી કરેલ જેથી આ પ્રથમ આવૃતિ પુ મુનિવરો તથા પુ મહાસતીજીઓ હાલ વિચરી રહેલ છે, તેઓ બન્નેની આ પ્રથમ તથા બીજી આવૃતિ બહાર પડે છે, જે ઘણુજ ઉત્તમ કાર્ય છે આપની આ કાર્ય પાર પાડવાની ઉત્કંઠા તથા આ કાર્ય માં લીધેલ પરિશ્રમ ખરેખર ધન્યવાદ ને પાત્ર છે. આપે આ કાર્ય ખરા અંત કરણથી તન, મન સમય અને શક્તિનો સાચો સદ્ ઉપયોગ કરી આ કાર્ય પાર પાડ્યુ બદલ મારા તમોને હાર્દિક અભિનંદન સાથ અભ્યર્થના.

લી. શ્રી. ગોંડલ સંપ્રદાય શ્રી શ્રમણ સંઘ સંરક્ષણ સમિતીનાં સભ્ય શ્રી નીમચંદ ભાઈચંદ શેઠ ગોંડલ તા ૨૦-૧૧-૭૬

જુઓ ! વધારે શું કહું !

પૂ. ગિરીશ મુનિ મ.

જૈન ધર્મ અનાદિ માનવામાં આવે છે આ અવસર્પિણી કાળમાં ભગવાન ઋષભ દેવથી લઈ ભગવાન મહાવીર સુધી તીર્થંકરોનું શાસન ચાલ્યું તેના ઈતિહાસની અનેક ઘટનાઓ અનેક ગ્રંથોમાં જોવા મળે છે. મહાવીર પ્રભુથી લઈ આજ સુધીની પાટ પરંપરાના પુનિતઃ મુનિવર્ગોની નામાવલી પણ અનેક રીતે તૈયાર કરવામાં આવેલી છે.

આજે જૈનધર્મનું દર્શન તેની શાખાઓમાં અને સંપ્રદાયોમાં છે. સૌની પાસે પોત પોતાની પાટ પરંપરા અને ઈતિહાસ છે. આવી ઐતિહાસિક વિવિધ સામગ્રી જૈન ઈતિહાસ ને પૂર્ણ બનાવવામાં અતિ મહત્વની બની રહે છે.

ગોંડલ સંપ્રદાય પણ જૈન ધર્મની સ્થાનકવાસી પરંપરાનો એક વિશાળ સમુદાય છે. ત્યાં પૂર્વે તપો નિધિ પૂ. ગુરૂદેવ સ્વ. જગજીવનજી મહારાજે "ગોંડલ ગચ્છ પટાવલી" તૈયાર કરેલી, તેનું પ્રકાશન જામનગરમાં કામાણી પરિવાર તરફથી કરવામાં આવેલ હતું. જેમાં યુગપ્રધાન પુરુષોના નામ, કાળ સંખ્યા, તેમજ ગોંડલ ગચ્છના પ્રારંભથી લગભગ ૧૧૪ પુન્યવંતોની વિગતવાર નામાવલી આપવામાં આ. બ. જનકરાયજી મહારાજે "ગોંડલ ગચ્છના જ્યોતિર્ધરો" ના નામે એક મહત્વનો સવિસ્તૃત ગ્રંથ તૈયાર કરેલ, જેનું પ્રકાશન રાજકોટમાં વીરાણી પરિવાર તરફથી કરવામાં આવેલું છે

ગોંડલ ગચ્છ પણ ગુજરાત રાજ્યનો એક ગૌરવશીલ સ્થાનકવાસી જૈન સંપ્રદાય છે જેમાં અત્યારે ૧૫ મુનિ મહારાજો અને બસો પાંચ મહાસતીજીઓ બિરાજી રહ્યા છે તેમાં લગભગ બસો જેટલા સાધુ સાધ્વીજીઓ તો બાળ બ્રહ્મચારીઓ છે તેઓમાં S. S. C. B. A. M. A. P H. D. ની યોગ્યતા વાળા પણ અનેક છે. ઘણાતો જૈન ધર્મની આચાર્ય અને શ્રમણી વિદ્યાપીઠની અનેક ધાર્મિક, પ્રાકૃત, સંસ્કૃત, હિન્દી, પરિક્ષાઓમાં સફળ થયેલા છે દશ, પંદર, વીસ, જેટલા જૈન આગમો, અને સેંકડો થોકડાઓને કંઠસ્ત કરી સારણ શક્તિ તેજસ્વિતા સાથે અપુર્વ ક્ષયોપસમનું દર્શન કરાવનાર સાધ્વીજીઓ પણ છે

ગચ્છમાં આગમજ્ઞાતા, તત્વજ્ઞાતા, પરમદાર્શનિક, પંડિત, વ્યાખ્યાની પ્રવચનકાર, શાસન પ્રભાવક, કવિ, લેખક, અભ્યાસી, ધ્યાનસાધક, તપસ્વી, વૈયાવચ્ચી, ઉગ્રવિહારી, ધર્મપ્રચારક, ક્રોપીલકડી, તેજસ્વી, યશસ્વી, ઓજસ્વી, સાધુ સાધ્વીઓ પણ છે. જેઓ ગચ્છના ગૌરવમાં અભિવૃદ્ધિ કરી રહયા છે

વિશ્વભરમાં ગોં ગચ્છ ના પાલક આર્યાજીઓની લગભગ એકાદ મારવાની નવું સંખ્યા ની સંભાવના છે આવો વિશાળ સમાજ સમર્પ નડયાદ અમો ગોંડલ ગચ્છ છે જેનો પરિચય કરતા ધન્યતાનો અનુભવ પરિચય થશે.

ગોંડલ ગચ્છના સ્થાપક પૂજ્યવર આચાર્ય શ્રી ૧૦૦૮ બા બ્ર. પૂ શ્રી ડુંગરસિંહજી મ. નું જન્મ તીર્થ સૌરાષ્ટ્ર ની સુમધુર ભૂમી "મેંદરડા" (જી. જૂનાગઢ) ગામ છે તે ક્ષેત્ર ના શ્રદ્ધાશીલ અને ઉદારદીલ ભ્રાતૃજન શ્રી ગીરધરલાલ મગનચંદ દોશીએ ઇન્દોર રહી ગોં. ગચ્છના વર્તમાન વિચરતા સાધુ સાધ્વીજીઓની વ્યક્તિગત પૂર્વક ની એક નામાવલી તથા અન્ય માહિતીઓ તૈયાર કરેલી છે, જેના પ્રકાશન માટે તેઓ ઘણાં સમયથી પ્રયત્ન કરી રહયા હતા. તેમની મહત્વકાંક્ષા પુર્ણ થતા તેઓ ભાગ્યશાળી બની ગયા છે. આ ગોંડલ ગચ્છ દર્શન પુસ્તકમાં આપેલી સામગ્રીઓ જોઇ સૌ કોઇ હર્ષ અને ખુશી થશે અમે આ લઘુ ગ્રંથિકાના પ્રકાશનને લાગી અમો ગૌરવ સાથે આનંદ અનુભવ કરીએ છીએ.

દોશીના પુરૂષાર્થ અને તેમા પ્રથમ અને બીજી આવૃતિમાં સહકાર સહયોગ તેમજ માર્ગદર્શન આપનાર ને હજાર હજાર ધન્યવાદ.

આ પ્રકાશન બાદ પણ અતિ વિસ્તૃત સામગ્રીઓથી સુસજ્જ ઐતીહાસીક ગ્રંથના પ્રકાશનની આવશ્યકતા છે તે ધન્ય દિવસની પ્રતિક્ષા કરનાર

તા. ૧-૧-૧૯૮૦ નાગપુર બા. બ્ર. ગિરીશ મુનિ મ.

જીવ ને દશ બોલ મળવા દુર્લભ

૧ મનુષ્યભવ, ૨ આર્યક્ષેત્ર, ૩ ઉત્તમકુળ, ૪ દીર્ઘ આયુષ્ય, ૫ પાચ ઇન્દ્રિયો ૬ નિરોગ શરીર, ૭ સાધુ સાધ્વીનો યોગ, ૮ જીન વાણીનું શ્રવણ, ૯ જૈન ધર્મ ઉપર શ્રદ્ધા, ૧૦ (દીક્ષા) સંયમ લેવો, આ દશ બોલ મળવા દુર્લભ છે. ભગવંત, મહાવીર સ્વામીના ઉપદેશનો સાર છકાય જીવો ની અહિંસા પાળો, પચેન્દ્રિય જીવ આદિની હિંસા કરશે કરાવશો કરતા ને અનુમોદન આપશો તો નરકાદિગતીમાં જઇ દુખો ભોગવવા પડશે અને છકાય જીવોની સર્વથા અહિંસા પાળશો તો સિદ્ધ ના અમરત્વના પરમ સુખ પામશે ભ. મહાવીર ના ઉપદેશનો સાર.



ગોંડલ સંપ્રદાયના સાધુ સાધ્વીજીઓના ચાતુર્માસ અને વિહાર ક્ષેત્ર

બા. બ્ર. ગિરીશમુનિ

પ્રાત. સ્મરણીય બા બ્ર. નિંદ્રાજીત ૧૦૦૮ પૂ. આચાર્યદેવ શ્રી ડુંગરસિંહજી મહારાજે જૈન ધર્મના ચતુર્વિધ સંઘ ના વિકાસ અને ઉધ્યોતના લક્ષે સવંત ૧૮૪૫ માં ગોંડલ ત્ર ને સર્વ રીતે સુયોગ્ય સમજી ગોડલને ધર્મ કેન્દ્ર બનાવી ગોડલ – ગચ્છની સ્થાપના રેલી છે

' તેઓશ્રીના ૧૯૧ વર્ષના ઉજવળ ઇતિહાસમા તેઓના પૂજ્યવર સંત –સતીજીઓ સૌરાષ્ટ્ર, ગુજરાત, કચ્છ, મુંબઈ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ ઓરિસા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તામીલનાડુ, કર્નાટક, આન્ધ્રપ્રદેશ, દિલ્હી, નેપાલ, અને આસામ જેવા દુર-દુર ક્ષેત્રોમાં વિચરી જૈન ધર્મ ના આદર્શો, ભગવાન મહાવીર ના સિદ્ધાંતોનો પ્રચાર કરતા, અનેક પરિષહો ઉત્કૃષ્ટ સહન કરતા પરોપકાર સાથે ગોડલ ગચ્છની સુવાસીત પર પરામા ગૌરવ સાથે યશોનામી બની ગયેલા છે.

જાણો અને સમજો

ગોંડલ સંપ્રદાય માં વર્ષો સુધી તેમના આચાર્ય અથવા પૂજ્ય (દિક્ષામાં મોટા સંત) સાધુ અને શ્રાવક ની સલાહકાર સમિતિ, સંપ્રદાયના દરેક કાર્ય કરતી હતી. સં. ૨૦૨૫ નાં ગોડલ મુકામે સાધુ સમ્મેલનમાં ગોંડલ સપ્રદાયના ચાતુર્માસ દીક્ષા કે કોઇ પણ પ્રશ્ન માટે, એક સમિતિ ગોંડલ-ગચ્છ શ્રમણ સંઘ સંરક્ષણ સમિતી બનાવવામાં આવેલ છે.

જેમાં અત્યારે — ૧ શ્રીયુત રતીલાલ ભાઇચંદ ગોડા–ગોંડલ
૨ શ્રી „ જયંતિલાલ ઉત્તમચદ જાટકીયા ગોંડલ
૩ શ્રી „ હીરાલાલ અમૃતલાલ મગીયા સાવરકુંડલા

વિગેરે કાર્ય કરી રહયા છે. અત્યારે આ સિવાય ગોંડલ સંપ્રદાયની બીજી કોઇ સંસ્થા અસ્તિત્વમા નથી.

卐 ચાતુર્માસ અને દીક્ષા 卐

ગોડલ ગચ્છ ના કોઇ પણ પૂજ્ય સાધુ સાધ્વીજીઓનુ કોઇ પણ ક્ષેત્રોના સંઘો ને ચાતુર્માસ કે દીક્ષા કરાવવી હોય તો તે સંઘોએ ગોંડલ મુકામે સંરક્ષણ સમિતિની અનુમતી, પત્ર દ્વારા મેળવવી આવશ્યક ગણાય છે

નાગપુર તાં. ૧-૧-૧૯૮૦
બા. બ્ર. ગિરીશમુનિ

તેનુ એડ્રેસ (ગોંડલ સૌરાષ્ટ્ર)
ગોડા રતીલાલ ભાઇચંદ ગોડા
C/o ૨૦ ભોજરાજપુરા



卐 ॐ અર્હં ન. 卐

—ભૂમિકા— પ્રસ્તાવના —લેખક

પં. રોશનલાલ જૈન

મેંદરડા નિવાસી શ્રી ગીરધરલાલ સવચંદ દોશી ને હુ ઘણા વર્ષોથી ઓળખુ છું. એમની આત્મિક ધર્મનિષ્ઠા, નિષ્કામ સેવા-પરાયણતા, સરળતા, અને સહિષ્ણુતાના પ્રભાવી ગુણોનું મારા પ્રાણોના અંતરાળમાં એક આકર્ષણ અને પ્રભાવપૂર્ણ સ્થાન પણ છે. પૂ. સાધુ સાધ્વીઓ પ્રતિ એમની અપ્રતિમ ભકિત અને શ્રદ્ધાની પરમ પરિકાષ્ઠા ને જોઇ ભલાભલા નાસ્તિકોના માનસ અને મસ્તિષ્ક પણ એક વખત શ્રદ્ધાથી ભીંજાયા વગર કે ભકિતથી નત થયા વગર તો નજ રહી શકે એવી મારી એમના વિશેની વ્યકિતગત માન્યતા છે.

શ્રી ગીરધરભાઈ તરફનો પ્રાણોના અંતરતમમાં અદ્યાવધિ સુસુપ્ત સ્થિતમાં અચેતનામાં સુતેલો ભાવ જે હતો તે આજે અનાયાસે આ રીતે શબ્દ કલેવરમાં સંક્ષિપ્ત રૂપે અભિવ્યકત થવા પામ્યો છે. એમના તરફથી આદરભાવની અભિવ્યકિ્તની માટે વધારે શબ્દોનો અવકાશ આપવો એમને પોતાનેજ સંકોચમાં મુકવાનો આડકતરો પ્રયાસ લેખાશે એટલે આ સબધે મર્યાદિત શબ્દો વાપરી મૌનનું અવલમ્બન સ્વીકારવુ શ્રેયસ્કર છે.

અનન્ય શ્રદ્ધા અને અપ્રતિમ ભકિત ભાવથી પ્રેરિત થઇ તેઓ શ્રી ગોંડલ ગચ્છ ના જ્યોતિર્મય મહાપુરૂષો ના જીવન સંબંધે કીમતી સાહિત્ય સામગ્રી સંગ્રહીત કરી, ઉપલબ્ધ સાધન સામગ્રીનુ પુસ્તક સ્વરૂપે સંપાદન કરી, શ્રીસંઘ ના શ્રેયસ પ્રેયસ માટે પ્રકાશીત કરવાના તેમની સાત્વિક, નિસ્વાર્થ, અને નિષ્કામ, ભાવના, ભકિત, સભર, મુમુક્ષુઓની આધ્યાત્મિક પિપાસા સંતોષવાની પરમાર્થિક ગરજ સારશે એમા શંકાને જરાએ જેટલો પણ અવકાશ નથી.

મે આ પુસ્તકનુ અવલોકન કર્યું નથી આ પુસ્તકના સંપાદન સબંધની સામગ્રીથી પણ તદન અજ્ઞાન છુ છતા તેમનો હૃદયગત આગ્રહ છે કે પ્રેસમાં છપાતા આ પુસ્તકની ભૂમિકા મારે લખી મોકલવી.

પુસ્તકમાં શું છે તે હું સાક્ષાત જાણતો નથી, આમ છતાં એમની યોગ્યતા શકિત અને ભકિત ના માપ તોલ ના આધારે મારા માનસમાં આ પુસ્તક કલેવર વિષે જે કલ્પના અને અનુમાનો સાકાર થયા છે, તેનેજ હું આ પુસ્તક નુ હાર્દ કવિ જાણે અજાણે પણ ક્યાંય અન્યાય ન થઇ જાય તેની સાવધાની પૂર્ણ જાગૃતિ રાખી અલ્પાતિઅલ્પ શબ્દોમાં સંકેત રૂપેજ પરિચિત લખી આપવા હું વિનમ્ર પ્રયાસ કરૂં છું એટલે ક્યાંક વિસંવાદિતા સ્ખલના કે અસંગતતા જણાય તો પાઠકગણ ઉદાર વૃત્તિ રાખી ક્ષમા રાખી ક્ષન્તવ્ય ગણી

ગોંડલ સંપ્રદાય સાથે ૪૭ વર્ષ થી એક ધારા આજીવનના મીઠા સંબંધોથી હું જોડાયેલો છું. મારો સૌરાષ્ટ્રમાં પ્રવેશ પણ ગોંડલ સંપ્રદાયને આભારી છે.

મારા જીવનનો મોટો ભાગ ગોંડલ સંપ્રદાયના પૂ. સાધુસાધ્વીજીઓને અધ્યાપન કરાવવાના પાવન જ્ઞાન યજ્ઞમાંજ વ્યતીત થયો છે. ગો. સં ના. જ્યોતિર્ધર મહાપુરુષોમાંથી પૂ. જયચંદજી મ. પૂ. માણેકચંદજી મ. શાસ્ત્રવેત્તા પૂ. પુરુષોત્તમજી મહારાજ મ. રાજગુરૂના પરમસંત અનસનધારી પૂ. જગજીવનજી મ. ના. જીવન ચરિત્ર લખવાના અને પુસ્તક પ્રકાશિત કરવાનું સદ્‌ભાગ્ય મને સાંપડેલ છે.

આ મહાપુરૂષોના સંબધે પ્રકાશિત થયેલા પુસ્તકોમા ભલે તેમના જીવનની પ્રધાનતા પરિલક્ષિત થાય, પરંતુ સાથોસાથ એમના સમકાલીન અને સબધિત બીજા અનેક મહાપુરૂષોના પણ જીવન ઝરમરના સકેતો સંક્ષેપમાં જ્યાં જ્યા પથરાયેલા પડ્યા છે, જે સંશોધકોને સશોધન કાર્ય માટે પ્રામાણિક સશોધન સામગ્રી પુરી પાડે છે

ગો. સં ના શાસ્ત્રજ્ઞ પંડિત મુનિ જનકરાજજી મ. વડે સપાદિત 'ગોંડલ ગચ્છ જ્યોતિર્ધર" પુસ્તકે શોધ, ખોજની દિશામાં આજ સુધી ચાલી આવતી શોધ ખોજની કડીમા કડી જોડવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે.

એટલે ગીરધરભાઈનુ ભગીરથ કાર્ય સહજ અને સરળ બનીજવા પામ્યુ હશે. તપોધની પૂ જગજીવનજી મ. શ્રી એ ગોંડલ ગચ્છની પટાવલી પ્રકાશિત કરી છે, ખોજ શોધની દિશામાં તેઓશ્રીનો પ્રથમ ભગીરથ પ્રયાસ હતો, જેમાંથી પણ આ સબધે પ્રકાશિત થતા સાહિત્યોને આધારેજ પ્રભવિત થયેલું હશે. પરતુ તેમા તેમના સહજ સરળ અને સાત્વિક ભક્તિ સભર શ્રદ્ધાના પાવન ભાવોનું દિવ્ય રસાયન જોડાયેલુ લાગેલુ હશે, જે પૂ. ડુંગરસિંહજી સ્વામીના જીવનચરિત્રથી લઈ આજસુધી પ્રકાશિત ગો સં. સાથેના સંબધિત સાહિત્યમાં ભાગ્યેજ જોવા મળશે, એટલે એમનુ આ કાર્ય શ્રદ્ધાશીલ મુમુક્ષુઓ માટે સરળ પગદંડીની ગરજ સારનારૂ અને પ્રાણોના અતર આત્માને સ્પર્શનારૂ હશે એમા શકાને સ્થાનજ નથી.

આ પુસ્તક અધ્યાત્મ પ્રેમીઓને આત્માવલુગાહનમા ડગલે ને પગલે ઉપકારક થાય, વાચનાર મુમુક્ષુઓના જીવનમાં પરમાત્માના પુંપોખીલે, પ્રભુપ્રસાદની અમૃતધારા વરસો કે જેથી જીવન જ્યોર્તિર્મય અને આત્મા અમૃત-તત્વથી પરિપૂર્ણ બને, એજ મંગલ કામના અને પ્રભુ પ્રાર્થના "ઇતિસમ"

सर्वे सुखिनः सन्तु, सर्वे सन्तु निरामया निरामयाः
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद दुःख भाग भवेत् ॥

શ્રી જૈન વિધાલયં
વડિયા (સૌરાષ્ટ્ર)

પંડિત રોશનલાલ આર જૈન

પ્રકાશક નું નમ્ર નિવેદન

.... એમ શ્રધ્ધાવાન જીજ્ઞાસુ વહાલા વાંચકો સ્થાન. શ્રી સ્થાનકવાસી જૈન ગોંડલ ગચ્છ દર્શન નામનું પ્રસ્તુત પુસ્તક પ્રસિધ્ધિ કરી પ્રગટ કરી આપના પવિત્ર કરકમલ સમક્ષ અર્પણ કરતા આનંદ થાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં ગંગા જતીના ગોંડલ ગચ્છ પરંપરામાં વિરાટ આચાર્ય દેવો મુનિ પુંગવો વિદુષી મહાસતીઓની માહિતી પૂર્ણ નામાવલી ગોંડલ ગચ્છ જ્યોતિર્ધર બા. બ્ર. પૂ. જનકરાયમુનિ રચિત પુસ્તક ના આધારે તથા ત. પૂ. જગજીવનજી મ. રચિત ગોંડલ પટ્ટાવલી ના આધારે સંત સતીજીઓની ટુંક જીવન ઝરમર પ્રેરક પ્રસંગો અમુક છંદ સ્તુતિ પ્રાર્થના, કાવ્યો ઉપદેશક વચનામૃતો વિગેરેનો જે સંગ્રહ કરેલ છે. જે મુમુક્ષ જીજ્ઞાસુઓને ઉપયોગી બનશે

મારી શ્રવણ શકિત મંદ બની છે. પંરતુ નિવૃત્ત સમય લેખન વાચનની પ્રવૃત્તિઓમાં આરૂઢ રહેતા, કરેલ વાંચનનો સદ ઉપયોગ કરવા આવુ અમુક કાર્ય કરવાની અંતરની ઉર્મીઓ ઉછળતી અને અંતરમા સમાય જતી.

આ ઉછળતી ભાવ વાહી ઊર્મીઓ ને સાત્વન આપવા તેમજ નિવૃત સમય લેખે લગાડવા સંકલન કાર્ય સફળ બનાવવા પુરૂષાર્થ કરેલ. જે પરમ ઉપકારક પૂ. ગુરૂદેવો અને પૂ. ગુરૂણીઓની અસીમ કૃપાનોજ પ્રતાપ છે. આ પ્રકાશનનો મારી જીંદગીમા આ પહેલોજ પ્રસંગ છે હુ તો તદન સામાન્ય માનવી, નહિ કોઈ લેખક કવિ કે પદ બાંધણીનો જાણકાર નેમ વ્યાકરણનુ જ્ઞાન નહિં છતા અંતરની પ્રબળ ભાવનાના પ્રવાહે વિચાર વહેતા હતા જેથી સઘળી માહિતીઓ એકઠી કરવા પુરૂષાર્થ અને પ્રયત્નો આરંભેલ પ્રારંભે બા. બ્ર. પૂ. ગિરીશચંદ્રજી મ. બા બ્ર. ત. ગુરૂદેવ પૂ. રતીલાલજી મ. બા બ્ર. પૂ. જસરાજજી મ. બા. બ્ર. પૂ. જનકરાયજી મ. વિગેરે સંતો તથા પૂ. મહાસતીજીઓના પવિત્ર દર્શને જ્યાં જઇ શકાયું ત્યાં સંત સતીઓ ના સમાગમનો લાભ મેળવી તથા પત્રો દ્વારા સહુને વાકેફ કરી માર્ગ દર્શન મેળવી સહુનો સહકાર અને આશીર્વાદ મળતા માહિતી સહ સામગ્રીનો સંગ્રહ કરેલ છે

આ સંકલન કાર્ય પાર પાડવાની ભાવના જાગૃત થતાં, સદઉપયોગ કરવાની જીજ્ઞાસા તીવ્ર બની અને સ્વહસ્તે પાર પાડવા વિચારતો હતો. મારા આ વિચારને
હન માટે મારા પૂ. વડીલ પુણ્યવંત આત્મા શ્રીમાન રંગનાથભાઈ તુરખીયા
ભાઇ તુરખીયા અને અમારા આ ત્રણેના સહુ પરિવારની સમંતી મળી.

અને સુચન કર્યું કે તમોએ સંગ્રહ કરેલી માહિતીનું પુસ્તક આપણે અત્રે અહ છપાવીને પ્રસિદ્ધિ કરીએ તો તમારા ઘણા સમયનો કરેલ પુરૂષાર્થ લેખે લાગે, આ સુચન સંબોધન અને સહુના સહકાર સહયોગથી હું પ્રભાવિત બન્યો અને આ પ્રેરણા મળતાથી અપૂર્વ સંતોષ થયો આ એક ધન્ય યોગાનું યોગ અવસરથી સોનામાં સુગંધ ભળી.

આ પ્રથમ આવૃતિનું પુસ્તક છપાવવાના પ્રારંભે આ શુભ કાર્ય માટે બા. બ્ર. પૂ જનકમુનિ મ આ બ્ર. પૂ. ગિરીશચંદ્રજી મ. શ્રીમાન રતીલાલભાઈ ગોડા પંડતિજી રોશનલાલ જૈન વી. નો સમાગમ થયો, તે સહુની પ્રેરણા મળી અને ખુબ મહત્વ આપી "આમુખ" બોલ, પ્રસ્તાવ ભૂમિકા વી. થી. મારા જેવા સામાન્ય માનવીને ખુબજ સંકોચ થીયો. છે, મારા માટે આવી અતિશયોક્તિથી હું તો શર્મિંદા બનેલ, છતાં તેઓ સહુમારા કાર્ય પ્રત્યે આકર્ષાયા એમની લાગણીના પ્રભાવથી હું ગદ ગદિત બન્યો છું અને તેઓ સર્વનો ખંત પૂર્વક આભાર માની આશીર્વાદ માગુ છુ.

" ગોંડલ ગચ્છ દર્શન " ઉપયોગી સંગ્રહ આવૃતિ બીજી.

પ્રસ્તુત પુસ્તકની પ્રથમ આવૃતિની એક હજાર પ્રતો (નકલો) ઇન્દોર સૌરાષ્ટ્ર, ગુજરાત, કલકત્તા, મુંબઇ, બરાડ, મહારાષ્ટ્ર, વી ગોં સ. ના ચતુર્વિધ સંઘ સમાજ ના પવિત્ર કરકમલમા સપ્રેમ અર્પણ કરેલ બાદ જેને ન મળી હોય એવા જીજ્ઞાસુ મુમુક્ષોઓની સદ ઉપયોગ માટે માંગણી થઇ આ માંગણીનો સ્વિકાર કરવા બીજી આવૃતિ છપાવવા સુચન થયું અને બીજી આવૃતિ માટે ધર્માનુરાગી શ્રી પ્રાણજીવનભાઈ ગોડા, ધર્મપ્રેમી શ્રી બાબુભાઈ, હકમીચંદભાઈ દેસાઈ, શ્રી મગનલાલ જસરાજ અવળાણી, શ્રીગાંડાલાલ ગીરધરલાલ શેઠ, વિગેરેની પ્રેરણાં અને સ્વીકૃતિ મળી, જેથી. બીજી આવૃતિનું કાર્ય સરળ બન્યું છે.

પ્રસ્તુત બીજી આવૃતિના એક હજાર પ્રતના પ્લાસ્ટીકના પ્રીન્ટ કરેલ કવરો મુંબઈ નિવાસી ઉદાર દિલી અને ઉદ્યોગમાં કુશળ ભા. દિલીપકુમાર કેશવલાલ પારખે સપ્રેમ અર્પણ કરેલ છે. આ બીજી આવૃતિના પ્રકાશનાનુંરાગી ઉદાર દિલી સહયોગી દાતાઓ સહુનો આભાર માનીએ

નોંધ પ્રથમ આવૃતિમાં ઘણી અશુદ્ધિઓ રહી છે આ. બીજી આવૃતિમા શક્ય તેટલી અશુદ્ધિઓ ટાળી અમુક સુધારો વધારો કરી વિશેષ સામગ્રી થી પ્રગટ થશે તેમાં મારી અલ્પ મતિથી જાણ્યે, અજાણ્યે, છદ્માસ્થપરંપરાથી. વીરૂદ્ધ કોઈ ભુલથી આલેખાયું હોય કે અશુદ્ધિ, ક્ષતિ, વૃદ્ધિથી અતિશયોક્તિ જણાય તો તે બદલ શ્રી ચતુર્થ સંઘની વારંવાર ક્ષમા યાચનામાગી વીરમું છું બન્નએજ અભ્યર્થના.

લી. શ્રી ચતુર્વિધ સકળ સંઘનો સદાનો ઋણી.

卐 ૐ શ્રી જીનેન્દ્રાયનમઃ 卐

જૈન ધર્મના આદર્શનું "પ્રતિક" જૈન ધ્વજવંદન





જૈન ધર્મના વિવિધ સંપ્રદાયોને એક સ્થળે એકત્રિત કરવા માટે -સીમા ચિન્હ જૈન પ્રતિક અને જૈન ધ્વજ ની સર્વાનુમતે માન્યતા અપાયેલ છે.

મધ્યમાં સ્વસ્તિકનું ચિન્હ છે, એ ચારેય ગતિમાં ભટકતા જીવોનું રેખા ચિન્હ છે, ઉપરમાં ત્રણ બિંદુ સમ્યક્જ્ઞાન દર્શન ચારિત્ર ને અપનાવવાનો બોધ કરે છે સ્વસ્તિક ઉપર ચંદ્રાકારે બિંદુ મોક્ષના લક્ષને બતાવે છે. ૧ દેવ ૨ મનુષ્ય ૩ તિર્યંચ ૪ નારકી આ ચારગતી

(ધ્વજ વંદન ગીત)

ગગન મંડળમાં ધ્વજ લહેરાયા, વિશ્વ શાંતિ કા દિગે સંદેશ,
હમ સબ, મિલકર કરીએ વંદના, ઉન્નત ભાવો મે વિશેષ.
શ્વેત રંગ અરિહંત પ્રભુકા, લાલ નિશાની સિદ્ધ પદકી,
સુવર્ણ વર્ણ આચાર્ય દેવો કા, હરિ નિશાની ઉપાધ્યાયકી.
નીલા રંગ હૈ સંત મુનિ કા, પંચ મહાવ્રત કે ધારક હૈ.
એસે પંચ પરમેષ્ઠી પદ કા, સ્મરણ હમેં દિલાતે હૈ.
ચાર ગતિકા પ્રતિક હૈ સ્વસ્તિક ભટક રહે હૈ જીસમે હમ.
સમ્યક ભાવો કો જગે મન મેં, મુક્તિ પદકો પાવે હમ.
આત્મસાક્ષી હૈ ધ્વજ હમારા, સત્ય, અહિંસા, કા વરદાન.
એસે પાવન ધ્વજકો હમ સબ, કરતે હૈ શુદ્ધ મન સે પ્રણામ.

જય જય "જૈન શાસનમ્" જય જીનેન્દ્ર.

પૂ. [illegible] પદાર્થક પ્રવચનો માંથી "સાંક્ષિપ્ત સંકલિત"

"આરાધનામાં ઉદ્યમવંત રહો"

દેવ ગુરુ ધર્મ અને મોક્ષ નિકાલની આરાધના કરીને અનંતાજીવ [illegible], મોક્ષ તરી ગયા છે. વર્તમાન કાળમાં આરાધના કરનાર સંખ્યાત [illegible] છે, અને ભવિષ્યે આરાધના કરનાર અનંતા આત્માઓ તરી જશે

વિરાધના પરિણામો

દેવ ગુરુ ધર્મ અને મોક્ષ નિકાલની વિરાધના કરનાર અનંતાજીવો [illegible] છે, વર્તમાને વિરાધના કરનાર સંખ્યાતા જીવો [illegible] છે અને ભવિષ્યમાં વિરાધના કરનાર અનંતા જીવો ભમશે.

ૐ શ્રી અરિહંતોને નમઃ

શ્રી સીમંધર સ્વામિની અપૂર્વ આરાધનાનો પ્રભાવ

જાપ કરવાનો મંત્ર

ૐ હ્રિં શ્રી અર્હં શ્રી સીમંધર સ્વામિને નમઃ

હે મારા નાથ અનંત-અનંત પરમોપકારક દેવાધિદેવ શ્રી સીમંધર સ્વામિન્ પ્રભો, આ ભરતક્ષેત્રમા કોઈક સુલભ બોધિ જીવ પરમ શ્રદ્ધાપૂર્વક આપના પરમતારક મંત્રના એક લાખ જાપ કરે તો તેની ભવસ્થિતિ કેટલી ? અર્થાત તેની ભવ સ્થિતિના સંસારમાં કેટલા ભવ બાકી છે. તેનો નિર્ણય થાય છે. આ સુલભ બોધિ જીવ આગામી ભવે શ્રી મહાવિદેહ ક્ષેત્રમા જન્મ થવા પૂર્વક આઠમા વર્ષે ચારિત્ર અંગીકાર કરીને નવમા વર્ષે કેવળજ્ઞાની બને

ઉતર અને પૂર્વ દિશા વચ્ચે ઈશાન ખૂણે પંચમહાવિદેહ ક્ષેત્રે બીરાજમાન શ્રી સીમંધર સ્વામીને બે હાથ જોડી ત્રણવાર તિખુતોનો પાઠ ભણી ત્રણવાર પ્રદક્ષિણા આપી વંદન નમસ્કાર કરવા.

શ્રી સીમંધર સ્વામીજી આદિ વીશ વિહરમાન જીનેશ્વર દેવોના.

० પંચ કલ્યાણકોની માસ તિથિ ०

(૧) શ્રી ચ્યવન કલ્યાણક = શ્રાવણ (ગુજ અષાડ) વદ ૧

(૨) શ્રી જન્મ કલ્યાણક = વૈશાખ (ગુજ ચૈત્ર) વદ ૧૦

(૩) શ્રી દીક્ષા કલ્યાણક = ફાગણ = સુદ ૩

(૪) શ્રી કેવળજ્ઞાન કલ્યાણક = ચૈત્ર = સુદ = ૧૩

(૫) શ્રી નિર્વાણ કલ્યાણક = શ્રાવણ સુદ = ૩

શ્રી ભરતક્ષેત્રની આગામી ચોવીશીના સાતમા તીર્થંકર 'શ્રી ઉદયસ્વામી" પરમાત્માના નિર્વાણ બાદ અને આઠમા તીર્થંકર "શ્રી પેઢાળ સ્વામી" પરમાત્માના જન્મ પહેલા, શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન શ્રી સીમંધર સ્વામીજી આદિ વીશ તીર્થંકર દેવો શ્રાવણ સુદ ૩ ના એકજ દિને નિર્વાણ પદને પામશે

"જ્ઞાનનો પરમ મહિમા" = પ્રથમ જ્ઞાન પછી દયા =

૧ જ્ઞાન એ આત્માનું નંદન વન છે.
૨ જ્ઞાન એ આત્મા માટે કામ દુગ્ધા છે.
૩ જ્ઞાન એ આત્મા માટે પારસમણી છે.
૪ જ્ઞાન એ આત્મા માટે ચિંતામણી રત્ન છે.
૫ જ્ઞાન એ આત્માની સાચી સંપત્તિ છે.



"નિત્ય આલોયણાં વિધિ"

ખામેમિ સવ્વેજીવા, સવ્વે જીવા ખમંતુમે,
મિત્તિ મે સવ્વ ભૂએસુ, વેર મજ્ઝં ન કેણઈ,
એવ મહં આલોઈયં, નિંદિયં ગરહિયં દુગંછિયં,
સવ્વ તિવિહેણં પડિક્કંતો, વંદામિ જિણ ચઉવીસં,

ઈતિ અતિચાર આલોવ્યા, પડિકમ્યા, નિંદ્યા, નિઃશલ્ય થયા, વિશેષે-વિ
અરિહંત, સિદ્ધ, કેવળી, ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ-સાધ્વી, ગુર્વ
તથા શ્રાવક - શ્રાવિકાઓને ભુજે ભુજે કરી ખમાવુ છુ.

ચાર ગતિ, ચૌવીસ દંડક, ચોરાસીલાખ, જીવાયોની એક કરોડ સાડી સત
લાખ કુલકોટીના જીવને મારાજીવે, તમારાજીવે, આજના દિવસ સબંધી આર
સમારંભે. મન વચન કાયાએ કરી દુભવ્યા હોય, પરિતાપના કિલામના ઉપજાવી હ
ક્રોધે, માને, માયાએ, લોભે, રાગે, દ્વેષે, હાસ્યે, ભયે, ખળાયે, પ્રી
આપ-થાપનાએ, પર ઉથાપનાએ, દુષ્ટ લેશ્યાએ, દુષ્ટ પરિણામે, દુષ્ટ ધ
આર્તધ્યાને, રૌદ્રધ્યાને કરીને, ઈર્ષ્યાએ, મમને, હઠપણે, પ્રીકાય પણે, અવજ્ઞાકરી
દુઃખમાં જોડયા હોય, સુખથી ચૂકાવ્યા હોય, પ્રાણ પર્યાય સંજ્ઞા, ઈન્દ્રિય આદિ સ
રૂદ્ધિથી ભ્રષ્ટ કર્યા હોય, તો તે સર્વ અઢાર લાખ ચોવીસ હજાર એકસો વીસ પ્ર
દોષ લાગ્યા હોય, તો તે અરિહંત અનંતા સિદ્ધ કેવળી ભગવાનની સાખે તસ્સ મિચ્છ
દુક્કડં.

શ્રાવકો એ ત્રણ મનોરથ ચિંતવવા

(૧) અહો જીનેશ્વર દેવ ક્યારે હું આરંભ પરિગ્રહ ઘટાડીશ, તે દિવસ મા
ધન્ય થશે.

(૨) અહો જીનેશ્વર દેવ, ક્યારે હું ગૃહવાસ ત્યાગી અઢાર પાપસ્થાનક નો ત્યા
કરી દીક્ષા લઈશ, તે દિવસ મારો ધન્ય અને પરમ કલ્યાણકારી થશે.

(૩) અહો જીનેશ્વર દેવ, ક્યારે હું ચારેય આહારનો ત્યાગ કરી અઢાર પાપસ્થાન
નો ત્યાગ કરી જાવજીવની ભૂમિ આદરી, પડિકમી નિંદી નિઃશલ્ય થઈ સ
જીવોને ખમાવી ચાર શરણ લેતો થકો પંડિત મરણે મરીશ તે દિવસ મારો
ધન્ય અને પરમ કલ્યાણકારી થશે. એમ ભાવના ભાવું છું.

ૐ શાંતિ શાંતિ શાંતિઃ

સામાયિક નો મહિમા

સામાયિક એ બહુજ પવિત્રમ્ અને વિશુધ્ધમાં વિશુધ્ધ ઉત્તમ ક્રિયા છે.

સામાયિક એ જૈનશાસનની મહા મહિમાશાળી વસ્તુ છે તીર્થંકર દેવોએ પણ તેનો આશ્રય લીધો હતો. ગણધર ભગવંતોએ તેનો આશ્રય લીધો હતો, અને મહાત્મા મુનિવરોએ પણ તેનો આશ્રય લીધો હતો:

સાધુ, સાધ્વી શ્રાવક શ્રાવિકા આ ચારેય વર્ગ માટે સામાયિક સુવિહિત મનાયું છે, કારણ કે તેના આરાધન અનુષ્ઠાનથી જૈનધર્મના ઉદાત સિદ્ધાંત જીવનમાં ઉતરે છે અને આધ્યાત્મિક વિકાસ સાધી શકાય છે અને યોગ્ય સાધનામાં પ્રાણ પૂરાય છે. જેથી ખરેખર સામાયિક નો અપાર મહિમા કહ્યો છે.

જેમ સર્વ પદાર્થો નો આધાર આકાશ છે, તેમ સર્વ ગુણોનો આધાર સામાયિક છે તપ ને કર્મ નિર્જરાનું મુખ્ય સાધન માનવામાં આવ્યુ છે. પરન્તુ સામાયિક ની કર્મ ખપાવવાની શક્તિ તેના કરતાં અનેકગણી વધારે છે, તે અંગે શાસ્ત્રોના શબ્દો આ પ્રકારના છે કે કરોડો વર્ષ સુધી તીવ્ર તપ કરતાં પણ જે જીવ કર્મ ખપાવી શકતો નથી. તે કર્મ ને સમભાવથી ભાવિત ચિત્તવાળા એટલે કે સામાયિકનો સાધક અર્ધી ક્ષણમાં કર્મ ખપાવી નાખે છે. સામાયિક એ મોક્ષ પામવાનો માર્ગ છે, સામાયિક એ આત્મ ધર્મ છે, તેની સાધના દ્વારા જ શાશ્વત સુખ અને અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે. દાન કરતા પણ સામાયિકનો મહિમા અધિક કહ્યો છે, તે વિષે શાસ્ત્ર,વચનો કહે છે. જે એક મનુષ્ય રોજ લાખ સોનૈયાનું દાન કરે અને બીજો મનુષ્ય રોજ સામાયિક કરે તો દાન દેનાર તેની બરોબરી કરી શકે નહિ.

આ સંબંધમા પુણિયા શ્રાવકની સામાયિકની કથા જાણવા જેવી છે જે ભ. મહાવીરે ભાખી છે. રાજગૃહી નગરીમાં એક શ્રાવક રૂની પુણિયો વેંચી રોજ બાર ટકા કમાઈ પોતાનો નિર્વાહ કરતો હતો. જરૂરી જેટલું કમાય, બાકીના સમયમાં બને તેટલી સામાયિક ઘણુ શુદ્ધ મનથી કરતો, તેમાં મન,વચન, કાયાનો દોષ લાગવા દેતો નહિ કદાચ જાણે અજાણ્યે દોષ લાગી જાય તો તેનું પ્રાયશ્ચિત કરી લેતો, તેથી તે પુણિયા શ્રાવક તરીકે પ્રસિદ્ધ થયેલ છે. અને ભ. મહાવીરે પણ આ પુણિયા શ્રાવક ની સામાયિક વખાણી છે, પ્રશંસી છે.

卐 પૂ. પુરૂષોત્તમજી મહારાજ નો સદુપદેશ 卐

કીડી કાંઈ હાથી જેટલું ચાલી શકતી નથી, તેથી કાંઈ પોતે ચાલી શકે છે. તેટલું ચાલવાનું છોડી દેતી નથી. તેમ પુણિયા શ્રાવક જેવી સામાયિક ન બને તો સામાયિક છોડી દેવી ન જોઈએ, પરંતુ આપણે કીડી માફક પોત પોતાની શક્તિ અનુસાર શુભ કાર્યોમાં પ્રયત્નશીલ રહી, ધર્મ માર્ગે સત્કાર્યોમા પ્રવૃત રહી પુરૂષાર્થ વડે પ્રગતિશીલ રહી, આગળ વધતાજ રહીએ, જો કરીએ તો થાય, જે કરીએ તે થાય, જે થાય. તે સારા ને માટે, ગુરૂદેવના અણમોલ શબ્દો ગુંજે છે,

પ્રાર્થનાનો મહિમા અને પ્રભુ સ્તુતિ નો પ્રભાવ

" ભાંગિક પાપ જનના ભવ સંતતિબદ્ધ, ત્હારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ "

જેમની પ્રાર્થના સ્તુતી ગુણગાન કરાય છે તે સર્વજ્ઞ વિતરાગ અરિહંત પરમાત્મા છે, તેમના સિવાય બીજા બધા આપણે "અપરમ" આત્મા કહીએ, પરમ બનાવાની આરાધના એજ ધર્મ આરાધના છે " અપરમ " આત્મા અજ્ઞાન અને રાગ દ્વેષથી મુક્ત એવા પરમાત્માને પ્રણામ કરે, તેમનું ધ્યાન ધરે, સ્તુતિ કરે, પ્રાર્થના કરે, ગુણ કીર્તન કરે, તેમણે બતાવેલા માર્ગ પર પોતાનું જીવન જીવે તો " અપરમમાંથી " પરમ બની જવાય છે, અને પરમમાંથી પરમાત્માં પદની પ્રાપ્તિ થાય છે.

અનુપમ પ્રાર્થના શા માટે (પ્રાર્થના પિયુષમાંથી)

પ્રાર્થના કલ્પવૃક્ષ સમ છે. પ્રાર્થના માનવીને સર્વ પ્રકારના સુખ આપવા વાળા ધર્મમાં પ્રવેશ કરાવે છે. અથવા ધર્મમાં દ્રઢતા કરાવે છે. પ્રાર્થના એટલે આત્માને પરમાત્મા બનાવનારૂ સાચું ઉતમ રસાયણ અથવા સાચું માનવ જીવન જીવાડનારી સંજીવન બુટ્ટી અથવા તો સંસારના કીચડમાં ખુચી રહેલાને હાથ પકડી બહાર કાઢનાર અનુપમ કાવ્ય ' પ્રાર્થના ".

જ્ઞાની આત્માઓ પ્રાર્થનાને મોક્ષની નીસરણી કહે છે. હાર્દિક પ્રાર્થનાનો ગગનભેદી અવાજ શીવપુરીમાં રહેલા સિધ્ધો સુધી પહોંચી જાય છે.

એક નાનકડા બાળકનુ રૂદન જેમ માતાને પોતાની તરફ આકર્ષે છે તેમ પ્રાર્થના માનવીને ઇશ્વરની ભેટ કરાવે છે. પ્રાર્થના એટલે ઇશ્વરની ઓળખાણ અથવા ઇશ્વરના ગુણોનું સ્મરણ કે જેનું સ્મરણ કરતાં કરતા ઉત્કૃષ્ટ રસ આવે તો ઇશ્વર બની જવાય છે.

પ્રાર્થના એટલે અમૃત, અ-મૃત એટલે મૃત્યુ નહિ જેના વડે મૃત્યુ નિવારણ થાય તે અમૃત-મૃત્યુથી મુક્તિ મેળવવાનુ એક સ્થાન ફક્ત મુક્તિજ છે. મોક્ષ સિવાય સંસારમાં ગમે ત્યાં હો, મૃત્યુ છેજ. દેવ, દાનવ, માનવ, પશુ, કે નારકી હોય, કોઈ પણ મૃત્યુથી મુક્તજ નથી.

પ્રાર્થના નિર્જરાનો હેતુ છે.
પ્રાર્થના એટલે આંતરખોજ સૃષ્ટિની સમૃદ્ધિ, શાંતિનુ પ્રવેશદ્વાર.
વાણી ની વીણા, શુન્યમાંથી સર્જન, કલિયુગનો કામધેનુ, આત્મા નું વાહન.
હૈયાનુ સત્વ, આત્માનું પ્રભાત, પવિત્રગંગા, સાત્વિક સ્નાન, જીવનની ખુશબુ.
આત્માનો શણગાર, પાવન પ્રસ્થાન, વિકારનુ વિસર્જન, શાંતિનો સર્જક



ॐ ગુરુદેવ નમઃ

શ્રી ગોંડલ ગચ્છ પટાવલી ના લેખક પૂજ્ય તપોધની શ્રી જગજીવનજી મહારાજે બગાસના વિહારે એક વયોવૃદ્ધ મુનિરાજ પાસેથી મેળવેલી હકીકત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેમાં પૂજ્ય શ્રી ધર્મદાસજી મ આદિ, ગોંડલ ગચ્છ સ્થાપક પૂ ડુંગરસિંહજી મ. આદિ અત્યાર સુધી ગો, સ. ના કુલ ૧૧૬ મુનિરાજોની હકીકત આપવામાં આવી છે, તે પરમ પૂજ્ય ગુરૂ બા. બ્ર પ્રાણલાલજી મ શ્રી ના સતત પુરૂષાર્થ વડે મેળવાયેલ હકીકત છે. જે માટે પોતે તેની નકલ (પુસ્તક) ભંડારમાં રાખેલી તેમને યાદ હોવાથી તે નકલ નાના રતીલાલજી મ શ્રી મારફત કલકત્તા મંગવવામાં આવી તે નકલનો ઉતારો તપસ્વી શ્રી જગજીવનજી મહારાજ રચિત ગોંડલ ગચ્છ પટાવલીમાં પ્રસિદ્ધ કરેલ છે.

પૂ મહારાજ શ્રીએ લગભગ ત્રણસો વરસની હકીકત મેળવી સંગ્રહિત કરી રાખેલ હતી આ વસ્તુ મળી મુકેલ હતી, આ તમામ પુરૂષાર્થ પૂ. ગુરૂદેવ સૌરાષ્ટ્ર કેસરી બા બ્ર પ્રાણલાલજી મહારાજ નો છે.

આ ગોંડલ ગચ્છ પટાવલીમાંથી તથા બા બ્ર. પૂ જનકમુનિ મ. રચિત "શ્રી ગોંડલ ગચ્છ ના જ્યોતિર્ધર" નામના પુસ્તકમાંથી સંક્ષિપ્ત ટુંકતાત સંકલિત કરી પ્રસ્તુત સ્થાનકવાસી જૈન "ગોંડલ ગચ્છ દર્શન" નામના પુસ્તકની પ્રથમ અને બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ રહેલ છે.

કાકરાથી ભરેલી આ સૃષ્ટિમાં રત્નો વિરલજ હોય છે, તેમ અનેક જીવાત્માઓ અને માનવ સમૂહથી ભરપૂર આ સસારમાં વિરલ આત્મા હોય છે. આવી વિરલ વિભૂતિના જીવન ચરિત્રો, પ્રેરક પ્રસંગો અને માહિતીઓ લખવાનો શુભ અવસર પ્રાપ્ત થવો એ પણ ખરેખર ધર્મ ગુરુઓના સુસમાગમનો પ્રતાપ છે.

પ્રસ્તુત બીજી આવૃતિમાં વધારામાં પ્રાર્થના સ્તુતિ ભકતામર સ્ત્રોત્ર મોટુ માંગલીક વી. નો સંગ્રહ કરેલ છે જ્ઞાનની અશાતના ટાળવા માટે આ પુસ્તક જ્યાં ત્યાં રખડતું મુકવું નહિ દરરોજ પ્રાર્થના કરવી. અન્યોને પ્રાર્થના કરવા પ્રેરણા આપવી આપને જરૂર ન હોય તો સ્થનિક લાયબ્રેરી કે પ્રાર્થના હોલમાં સુપ્રત કરશો. કે જેથી અન્ય ભાઈ બહેનો લાભ લઈ શકે. પુસ્તક મળ્યાની પોંચ તથા અભિપ્રાય જણાવવા વિનતી.



卐 આવતી ચોવીશીના ભાવી તીર્થંકરો !

" સ્થાનકવાસી જૈન " પત્ર તા. ૫-૧-૮૦ મા ચિદાનંદ મુનિયે ભવિષ્ય થનારા ૨૪ તીર્થંકરના નામોનું ટુંક વર્ણન નીચે મુજબ આપેલ છે તેના આધારે





આ અવસર્પિણી કાળનો ૨૧ હ વર્ષનો પાંચમા આરો પૂર્ણ થયા બાદ ૨૧ હ. વર્ષનો છઠ્ઠો આરો. ત્યાર બાદ ઉત્સર્પિણી કાળનો ૨૧ હ વર્ષનો (છઠ્ઠા આરા જેવો) પહેલો આરો ત્યાર બાદ ૨૧ હ વર્ષનો (પાંચમા આરા જેવો) બીજો આરો

અને ત્યાર બાદ ૨૧ હ વર્ષનો (ચોથા આરા જેવો) ત્રીજો આરો.
આ ત્રીજા આરાના નવ્યાશી પખવાડીયા બાકી રહ્યે શતદ્વાર નગરમાં સમુચિત રાજાની ભદ્રારાણીની કુક્ષીમા શ્રેણિક રાજાના જીવ પહેલી નરકમાંથી આવી શ્રી વીર પ્રભુના ચ્યવનવાને દીવસે અને તેજ વૈશાખે પહેલા તીર્થંકર તરીકે અવતરશે અને વીર પ્રભુના જન્મ દીવસે તેમનો જન્મ થશે. જેનું નામ પદ્મનાભ પ્રભુ હશે. ચોવીશમાં વીર પ્રભુ અને પહેલા પદ્મનાભ પ્રભુનું અંતર ૮૪ હજાર સાત વર્ષ પાંચ માસનું જાણવું.

(ઉત્સર્પિણી કાળના) તીર્થંકરો ના નામ	= ચ્યવન જીવ " કોણ હતા "	= (અવસર્પિણી કાળના) "તીર્થંકર" સમાન જાણવા
(૧) શ્રી પદ્મનાભપ્રભુ –	શ્રેણિકરાજાનો જીવ	(૨૪) શ્રી મહાવીર પ્રભુ સમાન
(૨) શ્રી સુર દેવ પ્રભુ	મહાવીર ના કાકા સુપાર્શ્વનો	(૨૩) શ્રી પાર્શ્વનાથ ,, ,,
(૩) શ્રી સુપાર્શ્વ ,, –	પાટલીપુત્ર રાજા ઉદાયી	(૨૨) શ્રી નેમનાથ ,, ,,
(૪) શ્રી સ્વયંપ્રભ –	પોટીલ મુનિનો જીવ	(૨૧) શ્રી નમિનાથ ,, ,,
(૫) શ્રી સર્વાનુભુતિ –	દ્રઢાયુ શ્રાવકનો ,,	(૨૦) શ્રી મુનિસુવ્રત ,, ,,
(૬) શ્રી દેવશ્રુત (સ્ત્રી લીંગ)	બીજા કાર્તિક શેઠનો ,,	(૧૯) શ્રી મલ્લિનાથ ,, ,,
(૭) શ્રી ઉદય –	બીજા શંખ શ્રાવક નો ,,	(૧૮) શ્રી અરનાથ ,, ,,
(૮) શ્રી પેઢાલ –	બીજા આનંદ શ્રાવકનો ,,	(૧૭) શ્રી કુંથુનાથ ,, ,,
(૯) શ્રી પોટીલ –	સુનંદા શ્રાવકનો ,,	(૧૬) શ્રી શાંતિનાથ ,, ,,
) શ્રી યશકીર્તિ –	શતક પુંકલી ,,	(૧૫) શ્રી ધર્મનાથ ,, ,,
) શ્રી સુવ્રત –	કૃષ્ણ ની માતા દેવકી નો ,,	(૧૪) શ્રી અનંતનાથ ,,
) શ્રી અમમ –	નવમા કૃષ્ણ વાસુદેવનો ,,	(૧૩) શ્રી વિમલનાથ ,, ,,

(૧૩) શ્રી નિષ્કષાય પ્રભુ સત્યકી વિદ્યાધર નો જીવ, (૧૨) શ્રી વાસુપૂજ્ય પ્રભુ સમાન

(૧૪) શ્રી નિષ્પુલાક – ત્રીજા બળદેવ નો „ (૧૧) શ્રી શ્રેયાંસ નાથ „ „

(૧૫) શ્રી નિર્મમ – સુલસા શ્રાવિકા નો „ (૧૦) શ્રી શીતલનાથ „ „

(૧૬) શ્રી ચિત્રગુપ્ત – બળભદ્ર માતા રોહિણી નો (૯) શ્રી સુવિધિનાથ „ „

(૧૭) શ્રી સમાધિ – રેવતી શ્રાવિકા નો „ (૮) શ્રી ચંદ્રપ્રભુ „ „

(૧૮) શ્રી સંવર – શતાલી શ્રાવક નો „ (૭) શ્રી સુપાર્શ્વનાથ „ „

(૧૯) શ્રી યશોધર – દીપાયન નો „ (૬) શ્રી પદ્મપ્રભુ „ „

(૨૦) શ્રી વિજય – કર્ણરાજા નો „ (૫) શ્રી સુમતિનાથ „ „

(૨૧) શ્રી મલ્લ – બીજા કોઈ નારદનો „ (૪) શ્રી અભિનંદન „ „

(૨૨) શ્રી દેવ – બીજા કોઈ અંબડ નો, (૩) શ્રી સંભવનાથ „ „

(૨૩) શ્રી અનંતવીર્ય અમર નો „ (૨) શ્રી અજીતનાથ „ „

(૨૪) શ્રી ભદ્રકર –! બુદ્ધ ભગવાનનો જીવ (૧) શ્રી ઋષભદેવ પ્રભુ સમાન

ભગવાન મહાવીર પ્રભુના દશ શ્રાવકોનો પરિચય

શ્રાવકનું નામ	પત્નિનું નામ	ગામનું નામ	સોનૈયા સંપત્તિ	ગાયોનુ ગોકુળ
૧ આનંદ	શિવાનંદા	વાણિજ્ય	૧૨ કરોડ સોનૈયા	૪૦ હજાર ગાયો
૨ કામદેવ	ભદ્રા	ચંપા નગરી	૧૮ કરોડ „	૬૦ હજાર „
૩ ચૂલનીપિતા	શ્યામા	બનારસ	૨૪ કરોડ „	૮૦ હજાર „
૪ સુરાદેવ	ધન્યા	બનારસ	૧૮ કરોડ „	૬૦ હજાર „
૫ ચુલશતક	બહુલા	આલંભિકા	૧૮ કરોડ „	૬૦ હજાર „
૬ કુંડકોલિક	પુંપા	કપિલપુર	૧૮ કરોડ „	૬૦ હજાર „
૭ શકડાલ પુત્ર	અગ્નિમિત્રા	પોલાશપુર	૩ કરોડ „	૧૦ હજાર „
૮ મહાશતક	રેવતી	રાજગૃહી	૨૪ કરોડ „	૮૦ હજાર „
૯ નંદિનીપીતા	અશ્વિની	શ્રાવસ્તી	૧૨ કરોડ „	૪૦ હજાર „
૧૦ શાલિહીપીતા	ફાલ્ગુનિ	શ્રાવસ્તી	૧૨ કરોડ „	૪૦ હજાર „

આ દશ શ્રાવક અઢળક સંપત્તિના ધારકોએ, સાડા ચૌદ વર્ષ શ્રાવકના વ્રતો પાળ્યા સાડા પાંચ વર્ષ સુધી અગિયાર પડિમાઓ આદરી, અને એક મહિના ના સંથારા કર્યા, આ દશે શ્રાવકો પહેલા દેવલોકમાં ગયા છે, ત્યાંથી દશે શ્રાવકો મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ એક ભવ કરી મોક્ષમા જશે.

卐 અહિંસા પરમોધર્મઃ 卐

પરમ ઉપકારક તીર્થંકર ભગવાન શ્રી મહાવીર પ્રભુ અહિંસા ના મંત્ર દાતાની પરંપરા પાટાનુંપાટે વિચરી ગયેલા મહાન આચાર્ય 'પ્રથમ પરંપરા નદી સ્વાધારે' ૪૮ ની નામાવલી–રચયિતા તપોધની પૂ. જગજીવનજી મ. શ્રી ગોંડલ ગચ્છ પટ્ટાવલી ના આધારે

આચાર્ય પૂ. પટોધર	નિર્વાણ વીર સંવત	આચાર્ય પૂ. પટોધર	નિર્વાણ વીર સંવત
૧ શ્રી સુધર્મા સ્વામી	૯	૨૫ શ્રી નાગાર્જુન સ્વામી	૮૨૫
૨ શ્રી જંબુ સ્વામી	૧૨	૨૬ ,, ગોવિંદાચાર્ય સ્વામી	૦
૩ ,, પ્રભવ સ્વામી	૭૦	૨૭ , ભૂતદિન્ન સ્વામી	૯૦૪
૪ ,, સ્વયંપ્રભ સ્વામી	૭૫	૨૮ ,, વીરભદ્રમુનિ સ્વામી	૦
૫ ,, યશોભદ્ર સ્વામી	૯૮	૨૯ ,, ધર્માચાર્ય શ્રી સ્વા	૦
૬ ,, સંભુતિ વિજય સ્વામી	૧૪૮	૩૦ , શિવભૂતિ સ્વામી	૦
૭ ,, ભદ્રબાહુ સ્વામી	૧૫૦	૩૧ સોમાચાર્ય સ્વામી	૦
૮ ,, સ્થૂલીભદ્ર સ્વામી	૧૭૦	૩૨ , આર્યભદ્ર સ્વામી	૦
૯ ,, મહાગીર સ્વામી	૨૧૫	૩૩ ,, વિષ્ણુચંદ્ર સ્વામી	૦
૧૦ ,, બહુલ સ્વામી	૦	૩૪ ,, ધર્મવર્ધમાન સ્વામી	૧૪૨૩
૧૧ ,, શાંડિલ્યાચાર્ય	૨૬૧	૩૫ ,, ભૂતાચાર્ય સ્વામી	૦
૧૨ ,, શ્યામાચાર્ય સ્વામી	૦	૩૬ ,, સુદત્તાચાર્ય સ્વામી	૦
૧૩ ,, સ્કંડિલાચાર્ય સ્વામી	૦	૩૭ ,, નાગદિન્ન સ્વામી	૦
૧૪ ,, સમુદ્ર વિજય સ્વામી	૦	૩૮ ,, શાંતાચાર્ય સ્વામી	૦
૧૫ ,, આર્ય મંગુ સ્વામી	૦	૩૯ ,, પુષ્પમિત્ર સ્વામી	૦
૧૬ ,, ધર્માચાર્ય સ્વામી	૦	૪૦ ,, શિવદત્ત જી	૦
૧૭ ,, ભદ્રગુપ્ત સ્વામી	૦	૪૧ , વીરમાચાર્ય સ્વામી	૦
૧૮ ,, વયર સ્વામી	૬૧૮	૪૨ ,, જયદેવાચાર્ય સ્વામી	૦
૧૯ ,, આર્ય નંદીલ સ્વામી	૦	૪૩ જયદેવાચાર્ય સ્વામી	૦
૨૦ ,, નાગહસ્તાચાર્ય સ્વામી	૦	૪૪ ,, જયરાજ સ્વામી	૦
૨૧ ,, ભગહસ્તિ સ્વામી	૦	૪૫ ,, વીરસુંદર સ્વામી	૦
૨૨ , રેવતીઆચાર્ય સ્વામી	૦	૪૬ ,, શાંતિસેન સ્વામી	૦
૨૩ ,, સિંહાચાર્ય સ્વામી	૦	૪૭ ,, જ્ઞાનાચાર્ય સ્વામી	૦
૨૪ ,, ખંડિલાચાર્ય સ્વામી	૦	૪૮ ,, ભૂપતિ આચાર્ય સ્વામી	૦

[illegible] પ્રભુ [illegible] હજાર [illegible] પ્રમુખ [illegible] હજાર સાલ [illegible] [illegible] ને પામ્યા છે

"શ્રી ગોંડલ ગચ્છ સ્થાપના"

(શ્રી ગોંડલ ગચ્છ પટ્ટાવલી ના આધારે)

આ મહાવીર પ્રભુની પરંપરામાં આગળ અનુક્રમે ૪૮ આચાર્યો થયા ત્યાર બાદ શુદ્ધ ધર્મના પુનરુદ્ધાર વીર સંવત ૧૯૭૬ વિક્રમ સં. ૧૫૦૯માં શ્રી [illegible] [illegible] – [illegible] તેના પાટે ૧ [illegible] ૨ [illegible] ૩ [illegible] ૪ [illegible] ૫ [illegible] ૬ [illegible] ૭ [illegible] ૮ [illegible] ૯ [illegible] મહારાજ આદ ધર્મ [illegible] થયા. અને અનુક્રમ [illegible] વીર સંવત ૨૨૩૨ વિક્રમ સં. ૧૭૬૨ માં પૂજ્ય ગુરુદેવ શ્રી ધર્મદાસજી મ. આદિ [illegible] તેમાના. (૧) પૂ. ધર્મદાસજી મ. (૨) મૂળચંદજી મ. (૩) પંચાણજી મ (૪) પૂ. રત્નસિંહજી મ. આ ચાર પૈકીના પૂ. ગુરુવર રત્નસિંહજી મ. પાસ આચાર્ય શ્રી આ. પ્ર પૂ. ડુંગરસિંહજી મહારાજ, શ્રી [illegible] આ. પૂ. ડુંગરસિંહજી મ. ની પાટ પરંપરામાં (૫) મુનિવરો તથા પૂ. મહાસતીજીના [illegible] જેઓ નિર્વાણ પામેલાઓની નામાવલી

પૂ. મુનિવરો ના નામ	નિર્વાણ સંવત માસ તિથિ	નિર્વાણ ભૂમિ
૧ પૂ. ધર્મદાસજી મહારાજ	સંવત ૧૭૫૯ આ. સુ. ૫	ધાર નગરી
૨ ,, મૂળચંદજી મ.	,, ૧૭૮૬	અમદાવાદ
૩ ,, પંચાણજી મ	–	
૪ ,, રત્નસિંહજી મ.	–	
૫ ,, આચાર્ય ડુંગરસિંહજી મ.	સંવત ૧૮૩૭ પો. સુ. ૧૫	ગોંડલ
૬ પૂ. ગણેશજી મહારાજ	,, ૧૮૬૪ શ્રા. સુ ૨	
૭ ,, વીરજી મ.	,, ૧૮૮૦ ચૈ સુ. ૭	ગોંડલ
૮ ,, નાગચંદજી મ.		
૯ ,, ગાંગજી મહારાજ		
૧૦ પૂ. રવજી મહારાજ		
૧૧ ,, મેઘરાજજી મહારાજ		
૧૨ ,, નાથાજી મ.		
૧૩ ,, ડાયાજી મ.	સંવત ૧૮૪૪ આ. વ. ૧	ગોંડલ
૧૪ ,, નેણશી મ.		
૧૫ ,, પુંજાજી મ.	સંવત ૧૮૫૦ આ. સુ ૮	ધાંગધ્રા

પૂ. મુનિવરો ના નામ	નિર્વાણ સંવત માસ તિથિ	નિર્વાણ ભૂમિ
૧૬ ,, નાગજી મ.	સંવત ૧૮૬૦	ગોંડલ
૧૭ ,, ધર્મસિંહજી મ.	સંવત ૧૮૮૧	
૧૮ ,, આંબાજી મ		
૧૯ ,, મૂળજી મ.	સંવત ૧૮૯૯ કા. સુ. ૧૩	પોરબંદર
૨૦ ,, નાનાધર્મસિંહજી મ.		
૨૧ પૂ. મેરજી મહારાજ		
૨૨ ,, આ. ભીમજી મહારાજ	સંવત ૧૯૧૫ પો. સુ ૫	પોરબંદર
૨૩ ,, હેમચંદજી મ	સં ૧૮૯૯ જે. વ ૧૩	પોરબંદર
૨૪ ,, દેવચંદજી મ	કા. સુ. ૮	
૨૫ ,, ડાયાજી મ.		
૨૬ આ નેણશી મ.	સં. ૧૯૨૨ કા સુ ૧૫	ગોંડલ
૨૭ પૂ. કાનજી મ.	સં ૧૯૧૫ જે. સુ ૨	બગસરા
૨૮ ,, રાઘવજી મ.		
૨૯ ,, ખીમજી મ.		
૩૦ ,, દેવચંદજી મ	સં. ૧૮૯૯ ચૈ. વ ૩	ગોંડલ
૩૧ ,, તેજસિંહજી મ	સં ૧૯૧૨ જે સુ ૨	બગસરા
૩૨ ,, જેસંગજી મ.	સં ૧૯૩૫ આ. વ ૧૦	પોરબંદર
૩૩ ,, કચરાજી મ		
૩૪ ,, પુંજાજી મ	સંવત ૧૯૧૮ શ્રા સુ. ૩	રાજકોટ
૩૫ ,, ડોસાજી મ	સં. ૧૯૦૯ જે. સુ ૫	જેતપુર
૩૬ ,, કાળાજી મ.		
૩૭ આ. દેવજી મ.	સંવત ૧૯૫૪ માગ સુ. ૧૩	ગોંડલ
૩૮ ત. નારાણજી મ.	સં. ૧૯૩૫ પોષ	જેતપુર
૩૯ પૂ. હેમચંદજી મ.		
૪૦ ,, મોહનજી મ.	સં. ૧૯૫૫ કા. સુ. ૫	અમરેલી
૪૧ ,, કવિ ખોડાજી મ.	સંવત ૧૯૨૭ ભા. સુ. ૧૧	ગોંડલ
૪૨ ,, વર્ધમાનજી મ	સંવત ૧૯૪૭	રાજકોટ
૪૩ ,, દેવાજી મ.	સંવત ૧૯૫૨	રાજકોટ
૪૪ ,, આ. જસાજી મ.	સંવત ૧૯૭૪ આ. વ. ૮	ગોંડલ
૪૫ પૂ હીરાચંદજી મ.	સં. ૧૯૫૦ ભા. સુ. ૧૨	ધોરાજી
૪૬ આ. જયચંદજી મ.	સં. ૧૯૮૭ જે. વ. ૧૦	જેતપુર

પૂ. મુનિવરો ના નામ	નિર્વાણ સંવત માસ તિથિ	નિર્વાણ ભૂમિ
૪૭ ત. માણેકચંદજી મ.	સં. ૧૯૭૯ માગ સુ. ૧૫	જેતપુર
૪૮ પૂ. પ્રાગજી મહારાજ		
૪૯ ,, હીરાજી મ		
૫૦ ,, મોરારજી મ.		
૫૧ ,, લખમીચંદજી મ		
૫૨ , પ્રાગજી મહારાજ		
૫૩ " પીતામ્બરજી મ.		
૫૪ " દેવગીજી મ,		
૫૫ " ત્રિભોવનદાસજી મ		
૫૬ " સુંદરજી મ	સ. ૧૯૮૩ ફા. વ ૯	રાજકોટ
૫૭ " ભાણજી મ	સ ૧૯૪૯	ધ્રાગધ્રા
૫૮ " દેવચંદજી મ	સ ૧૯૮૬ આ. વ. ૪	જેતપુર
૫૯ " માંડણજી મ	સ. ૧૯૪૪ વૈ વ.))	જેતપુર
૬૦ " ગોપાળજી મ.		
૬૧ કરમચંદજી મ	સ. ૧૯૩૨	જેતપુર
૬૨ દેવચંદજી મ	સ ૧૯૬૫	જેતપુર
૬૩ જીવણજી મ	સ. ૧૯૭૨	પોરબંદર
૬૪ ગિરધરલાલજી મ.		
૬૫ રાયચંદજી મ		
૬૬ " નથુજી મ	સ. ૧૯૫૧ જેઠ શુદ ૨	જેતપુર
૬૭ " સોભાગચંદજી મ.		
૬૮ " કચરાજી મ.		જામનગર
૬૯ " જાદવજી મ.	સ. ૧૯૮૪ પોષ વદ))	રાજકોટ
૭૦ ,, ખોડાજી મ	સં. ૧૯૪૪ જેઠ સુદ ૨	જેતપુર
૭૧ ,, ચત્રભુજજી	સં. ૧૯૭૨ જેઠ સુદ ૮	ભેસાણ
૭૨ ,, ગોવિંદજી મ.	સં. ૧૯૬૦ પો વ.))	રાણપુર
૭૩ ,, અમરચંદજી મ		બગસરા
૭૪ ,, દેવસીજી મ.	સં. ૧૯૮૩	પોરબંદર
૭૫ ,, કુરજી મ.	સં. ૧૯૫૬ ભા. સુ. ૨	જામનગર
૭૬ ,, લાલજી મ.		
૭૭ ,, જીવરાજજી મ.		

૭૮ ,, [illegible]જી મ.	સં. ૧૮૫૬ શ્રા. સુ. ૮	જામનગર
૭૯ ,, પ્રેમચંદજી મ.	સં. ૧૮૪૬ [illegible] ૧૧	મેંદરડા
૮૦ ,, વીરજી મ.		
૮૧ ,, નાનચંદજી મ	સં. ૧૮૭૦ માગ વ. ૧૦	અમરેલી
૮૨ ,, પ્રેમચંદજી મ	સં. ૧૮૮૧ [illegible] વ. ૫	સાવર કુંડલા
૮૩ પૂ. શામજી મ.	સં. ૨૦૦૨ જેઠ સુ ૧૧	ગોંડલ
૮૪ ,, ખીમજી મ.		
૮૫ ,, ગિરધરલાલજી મ		
૮૬ ,, પુનશીજી મ	સં. ૧૮૬૦ શ્રા વ ૮	મેંદરડા
૮૭ ,, રતનજી મ		
૮૮ ,, હેમરાજજી મ.	સં. ૧૮૭૭ માહ વ ૩	[illegible]
૮૯ ,, આણંદજી મ		
૯૦ ,, ભાણજી મ	સં. ૧૮૮૪	પડધરી
૯૧ ,, વીરજી મ.		
૯૨ ,, જીવરાજજી મ.		
૯૩ ,, ગુલાબચંદજી મ		
૯૪ ,, અમૃતલાલજી મ		પડધરી – ૪૪
૯૫ ,, હરીલાલજી મ		
૯૬ ,, પેથરાજજી મ.		
૯૭ ,, દેવરાજજી મ.		
૯૮ ,, જીવરાજજી મ.		
૯૯ ,, રાજપાલજી મ.		
૧૦૦ ,, ગુલાબચંદજી મ	સં ૧૯૮૨ ભા વ))	કાલાવડ
૧૦૧ ,, જેચંદજી મ		રાજકોટ
૧૦૨ ,, ફુલચંદજી મ.	સોનગઢ	સોનગઢમાં
૧૦૩ ,, વેલજી મ		
૧૦૪ ,, છગનલાલજી મ.		
૧૦૫ ,, પ્રાણલાલજી મ.	માહ સુદ ૫	[illegible]
૧૦૬ ,, ભીમજી મ.	સં. ૨૦૧૩ માગ. વ. ૧૩	બગસરા
૧૦૭ ,, મંગળજી મ.	સં. ૧૯૯૦ શ્રા સુ. ૮	રાણપુર
૧૦૮ ,, પુરુષોત્તમજી મ.	સં. ૧૯૯૦ જેઠ સુ ૧૧	વડીયા
૧૦૯ ,, અમીચંદજી મ.	સંવત ૨૦૧૭ ફા. વ. ૩	ગોંડલ
૧૧૦ ,, ત. જગજીવનજી મ.	સંવત ૨૦૨૨ શ્રા. વ ૮	વડીયા
	સંવત ૨૦૨૪ મહા સુદ ૭	રાજગૃહી
ધર્મપ્રાણ વીર લોંકાશાહ જન્મ	સં ૧૪૭૨ કા. સુ. ૧૫	અલવર
	નિ સંવત ૧૫૪૬ ચૈ. સુ ૧૧	અરહટવાડા અ.

...ય ધર્મદાસજી મ. ના. શિષ્ય પૂ. મૂલચંદજી મ. ના આજ્ઞાનુવર્તી શ્રી ગો. સં. ની પાટાનુપાટે વિચરી નિર્વાણ પામેલા

પૂજ્ય મહાસતીજી ઓની નામાવલી

આ પ્ર પૂ રાયકુંવરજી મહાસતી
,, ,, પૂ રૂપકુંવરબાઈ મ. સ.
,, હીરબાઈ મ સ.
,, વેલબાઈજી મ સ
આ. પ્ર. પૂ માનકુંવરબાઇ મ. સ
,, ,, કુંવરબાઈ મ. સ.
આ પ્ર ,, કડવીબાઈ મ. સ
,, નાથીબાઈ મ. સ.
આ પ્ર ,, ડાયબાઈ મ. સ.
,, મુળીબાઈ મ સ.
, જુઠીબાઈ મ. સ.
આ પ્ર. પૂ. ગંગાબાઇ મ. સ.
,, લક્ષ્મીબાઈ મ સ.
,, જીવીબાઇ મ સ.
,, પ્રેમકુંવરબાઇ મ. સ.
આ.પ્ર. ,, રાજકુંવરબાઈ મ. સ.
,, જમનાબાઈ મ. સ.
,, અવલબાઈ મ સ.
પૂ. રતનબાઈ મ સ
,, અમૃતબાઈ મ સ.
,, અદીબાઈ મ. સ.
,, મોટા મીઠીબાઈ મ.સ.
,, સુંદરબાઈ મ સ.
,, રળીયાતબાઈ મ સ.
,, પ્રેમકુંવરબાઈ મ. સ.
,, સામકુંવરબાઈ મ સ.
,, નાના મીઠીબાઈ મ સ
,, દેવકુંવરબાઇ મ. સ.

૨૯ આ. પ્ર. પૂ. મંજીબાઇ મ. સ.
૩૦ ,, ,, , જેતુબાઈ મ. સ.
૩૧ ,, ,, ,, માણીબાઈ મ. સ.
ઢમા નિવાસી
૩૨ પૂ ઉજમબાઈ મ. સ.
૩૩ ,, અંબાબાઈ મ સ.
૩૪ ,, ફુલકુંવરબાઈ મ. સ
૩૫ ,, વજકુંવરબાઈ મ સ.
૩૬ ,, મોતીબાઈ મ સ.
૩૭ ,, અમૃતબાઈ મ સ.
૩૮ ,, મોટાદુધીબાઇ મ. સ.
૩૯ આ. પ્ર. પૂ. સંતોકબાઇ મ. સ.
૪૦ ,, હરકુંવરબાઇ મ. સ.
૪૧ ,, પુરીબાઇ મ. સ.
૪૨ ,, નાનાદુધીબાઇ મ સ
૪૩ ,, અવલબાઇ મ. સ.
૪૪ ,, તપસ્વી મીઠીબાઇ મ.સ
૪૫ ,, હેમકુંવરબાઈ મ. સ.
૪૬ પૂ વાલુબાઇ મ. સ.
૪૭ ,, રળીયાતબાઇ મ સ.
૪૮ ,, મોટા જવેરબાઇ મ. સ
૪૯ ,, સમરતબાઇ મ સ
૫૦ ,, કવિયત્રી ઝવેરબાઇ મ સ
૫૧ ,, મોંઘીબાઇ મ સ
૫૨ ,, પારવતીબાઇ મ. સ.
૫૩ ,, પુરીબાઇ મ સ.
૫૪ ,, જવલબાઇ મ સ.
૫૫ ,, રામકુંવરબાઇ મ સ

પૂજ્ય મહાસતીજી ઓની નામાવલી

૫૭ પૂ. અંબાબાઇ મ. સ.	૬૮ બા. બ્ર. પૂ. અચરત બાઇ મ. સ.
૫૮ ,, વાલુબાઇ મ. સ.	૬૯ વયોવૃદ્ધ પૂ. પાર્વતીબાઇ મ. સ.
૫૯ ,, હરખબાઇ મ. સ.	૭૦ ,, ,, મણીબાઇ મ. સ.
૬૦ ,, જાનબાઇ મ. સ.	૭૧ પૂ. હેમકુંવરબાઇ મ. સ.
૬૧ ,, મણીબાઇ મ. સ.	૭૨ બા. બ્ર. ,, વિજયાબાઇ મ. સ.
૬૨ ,, જડાવ બાઇ મ. સ.	૭૩ બા. બ્ર. ,, હરંદાબાઇ મ. સ.
૬૩ ,, ઉજમલબાઇ મ. સ.	૭૪ ,, લક્ષ્મીબાઈ મ. સ.
૬૪ ,, જેકુંવરબાઇ મ. સ.	૭૫ ,, સંતોકબાઇ મ. સ.
૬૫ ,, અમૃતબાઇ મ. સ.	૭૬ ,, માનકુંવરબાઇ મ. સ.
૬૬ ,, વયોવૃદ્ધ પુરીબાઇ મ.	૭૭ બા. બ્ર. ,, જયાબાઇ મ. સ.
૬૭ પૂ. ઉજમલબાઇ મ. સ.	

અનશન-ના આરાધક દિવ્ય વિભૂતિઓનાં નામ

(૧) પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ – ગોંડલ – ૬૧ દિન સંથારે
(૨) પૂ. શ્રી ગણેશજી મહારાજ – ગોંડલ – ૬૦ દિન સંથારે
(૩) પૂ. શ્રી નાથાજી મહારાજ – ગોંડલ – ૩૦ દિન સંથારે
(૪) પૂ. શ્રી ડાયાજી મહારાજ – ગોંડલ – ૭૮ દિન સંથારે
(૫) પૂ. શ્રી મોટા પુંજાજી મહારાજ – ધ્રાંગધ્રા – ૭૮ દિન સંથારે
(૬) પૂ. શ્રી આચાર્ય ભીમજી મહારાજ – પોરબંદર – ૪૯ દિન સંથારે
(૭) પૂ. શ્રી તપ. દેવચંદજી મહારાજ – ગોંડલ – ૬૫ દિન સંથારે
(૮) શ્રી તેજસિંહજી મહારાજ – ગોંડલ – ૫૬ દિન સંથારે
જેમંગજી મહારાજ પોરબંદર – ૨ દિન
દિગચંદજી મ. ધોરાજી
તપ. જેતપુર
શ્રી તપ. રાજ
શ્રી
શ્રી

" પ્રેરણાત્મક શુભ સંદેશ " (મુલુન્ડ તા ૨૫-૧-૮૦)

(બા. બ્ર. પૂ. મુક્તાબાઈ મ. સ. તથા લઘુ બેલડી બા. બ્ર. પૂ. સુમનબાઈ મ. સ.)

આ ભારત વર્ષની વિશાળ પૃથ્વીના પટાંગણમાં અનેક જીવો જન્મે છે. જીવે છે. અને મૃત્યુના મુખમાં ધકેલાઈ જાય છે, છતાં આ પૃથ્વી રૂપી પટાંગણના રંગમંચ, પર ઘણાં ભવ્યાત્મઓ આ સસારના નાટકમા પોતાનો મુંદર અભિનય સંસારના જીવોને બતાવી પોતાનું પાત્ર ભજવી, આ રગમંચ પરથી વિદાય લ્યે છે. તેમાના કોઇને આપણે યાદ કરતા નથી. પણ જે પુણ્યાત્માઓ પોતાની ચીર સ્મૃતિની અનુપમ સુરભી આપણને આપી જાય છે, કે જે સુરભી ને પ્રેરણારૂપ માની અનેક આત્માઓ જીવનનો ઉચ્ચ આદર્શ અને મનોરમ બનાવી માનવતાને મહેકાવવા માનવ જીવનની અમૂલ્યતાને પામી જાય છે

એવા આપણાં ગોં. સ. ના અનેક અમૂલ્ય રત્નો " બહુરત્ના વસુધરા " પાકયા છે કે જેમણે આપણા ચતુર્વિધ સંઘ ઉપર અસીમ કૃપા વરસાવી પ્રેરણાંની અમૃતધારા વહેવડાવી છે તેઓમાનાં અમુક મુખ્ય સંત, સતીજીઓની મ ગળ સ્મૃતિ ને ચાર કાલીન શાશ્વતી બનાવી તેમની જીવન ઝરમર પ્રકાશી તેઓની પુણ્ય તિથીઓએ ભાવભરી શ્રદ્ધાંજલી આપી કૃતાર્થ બનીએ.

મહાપુરૂષો જાય છે આપણાં સમક્ષ એમના જીવનના આદર્શો મુકી જાય છે. સોની અ ગારા પર રાખ વળી ગઈ હોય, એને ફુંકણીથી ઉઘાડે છે તેમ દર વર્ષે મહાપુરૂષોની પુણ્ય તિથિઓ આપણે ઉજવી મહાપુરૂષોના જીવન ચરિત્રો યાદ કરી સ્મરણ કરીએ કે જેથી પ્રમાદમાં પડેલા જીવો જાગૃત થાય આળસ ખંખેરી મહાપુરૂષોના માર્ગે ચાલવાનો પ્રયત્ન કરે. તો અવશ્ય સદ્ગતી મેળવે

" સુભાષિતો " પૂ. સત સતીજીઓના પથદર્શક પ્રવચનો દ્વારા (સંક્ષિપ્ત) માનવ જીવન એ તો સિંહણના દુધ જેવુ છે, સિંહણના દુધને ઝીલવા જેમ સુવર્ણ પાત્ર યોગ્ય છે, તેમ માનવ જીવન સફળ કરવા માટે સંત સતીજીઓના સમાગમ, સદ્ભાવના સુઆચાર વિચાર ધર્મ આરાધના ની ઘણીજ જરૂર છે સત્સંગ સત્શાસ્ત્ર, સદ્વૃતિ, ધર્મ પરાયણ બનવા આપણે સહુ આ મહાન ઊત્તમ સાધનની પવિત્ર ભાવના અ તર આત્મામાં જરૂર અપનાવીએ

" આરાધનામાં ઉદ્યમવંત રહો " દેવ, ગુરૂ, ધર્મ અને સૂત્ર સિદ્ધાંતની આરાધના કરીને અનંતા જીવો સંસાર સાગર તરી ગયા છે. વર્તમાન કાળમાં સંખ્યાના આત્માઓ તરે છે. અને ભવિષ્યમાં પણ અનંત આત્માઓ તરી જશે.

" વિરાધના પરહરો " દેવ, ગુરૂ, ધર્મ અને સૂત્ર સિદ્ધાંતની વિરાધના [illegible]

પૂજ્ય મહાસતીજીઓની નામાવલી

૫૭ પૂ. અંબાબાઇ મ. સ.
૫૮ ,, વાલુબાઇ મ. સ.
૫૯ ,, હરખબાઇ મ. સ.
૬૦ ,, જીવનબાઇ મ. સ.
૬૧ ,, મણીબાઇ મ. સ.
૬૨ ,, જડાવબાઇ મ. સ.
૬૩ ,, છબલબાઇ મ. સ.
૬૪ ,, ઝેકુંવરબાઇ મ. સ.
૬૫ ,, અમૃતબાઇ મ. સ.
૬૬ ,, વયોવૃદ્ધ પુરીબાઇ મ.
૬૭ પૂ. ઉજમબાઇ મ. સ.

૬૮ બા. બ્ર. પૂ. અચરત
૬૯ વયોવૃદ્ધ પૂ. પાર્વતીબા
૭૦ ,, ,, મણીબાઇ મ
૭૧ પૂ. હેમકુંવરબા
૭૨ બા. બ્ર. ,, વિજયાબાઇ
૭૩ બા. બ્ર. ,, હીરાબાઇ
૭૪ ,, લક્ષ્મીબાઈ
૭૫ ,, સંતોકબાઇ મ
૭૬ ,, માનકુંવરબાઇ
૭૭ બા. બ્ર. ,, જયાબાઇ મ

અનશન-ના આરાધક દિવ્ય વિભૂતિઓનાં નામ

(૧) પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ – ગોંડલ – ૬૧ દિન સં
(૨) પૂ. શ્રી ગંગારામજી મહારાજ – ગોંડલ – ૧૦ દિન સં
(૩) પૂ. શ્રી નાથાજી મહારાજ – ગોંડલ – ૩૦ દિન સં
(૪) પૂ. શ્રી દયાજી મહારાજ – ગોંડલ – ૭૮ દિન સં
(૫) પૂ. શ્રી મોટા પુનમજી મહારાજ – ધ્રાંગધ્રા – ૭૮ દિન સં
(૬) પૂ. શ્રી આચાર્ય ભીમજી મહારાજ – પોરબંદર – ૪૯ દિન સંથારો
(૭) પૂ. શ્રી તપ. દેવચંદજી મહારાજ – ગોંડલ – ૧૫ દિન સંથારો
(૮) પૂ. શ્રી તેજસિંહજી મહારાજ – ગોંડલ – ૫૧ દિન સંથારો
(૯) પૂ. શ્રી જેસંગજી મહારાજ – પોરબંદર – ૨ દિન સંથારો
(૧૦) પૂ. શ્રી દિપચંદજી મહારાજ – ધોરાજી – ૧ દિન સંથારો
(૧૧) પૂ. શ્રી તપ. માણેકચંદજી મહારાજ – જેતપુર – ૧૯ દિન સંથારો
(૧૨) પૂ. શ્રી તપ. જયચંદજી મહારાજ – જામજોધપુર – ૪૫ દિન સંથારો
(૧૩) પૂ. શ્રી દીવાળીબાઈ મહાસતીજી – ગોંડલ – ૫૮ દિન સંથારો
(૧૪) પૂ. શ્રી વેલબાઈ મહાસતીજી – ગોંડલ – ૧૫ દિન સંથારો

મ. સ. મહાન પૂ. શ્રીના અ. બે. નું જીવન ચરિત્ર વાંચી આંખો આપને પણ પ્રેર
પર ઉદેન પુ. ક. અ. ની વાંચવું ને અ. પ. નું કેવળનું આરાધ થશે.
... પ્રેરક પ. નાર જીવનની સમારોહમાં જુદા જુદા છે
(૦) દિવસ (૩) ક... (૪) નિ... (૧) નિ...-અ. પાંચ પ્રભુની પધરામ

" પ્રેરણાત્મક શુભ સંદેશ " (મુલુન્ડ તા ૨૫-૧-૮૦)
(બા. બ્ર. પૂ. મુક્તાબાઈ મ. સ. તથા લઘુ બેલડી બા. બ્ર. પૂ. સુમનબાઈ મ. સ.)

આ ભારત વર્ષની વિશાળ પૃથ્વીના પટાંગણમા અનેક જીવો જન્મે છે. જીવે છે અને મૃત્યુના મુખમાં ધકેલાઈ જાય છે, છતાં આ પૃથ્વી રૂપી પટાંગણના રંગમંચ, પર ઘણાં ભવ્યાત્મઓ આ સસારના નાટકમા પોતાનો સુંદર અભિનય સંસારના જીવોને બતાવી પોતાનું પાત્ર ભજવી, આ રંગમંચ પરથી વિદાય લે છે. તેમાના કોઇને આપણે યાદ કરતા નથી પણ જે પુણ્યાત્માઓ પોતાની ચીર સ્મૃતિની અનુપમ સુરભી આપણને આપી જાય છે, કે જે સુરભી ને પ્રેરણારૂપ માની અનેક આત્માઓ જીવનને ઉચ્ચ આદર્શ અને મનોરમ બનાવી માનવતાને મહેકાવવા માનવ જીવનની અમૂલ્યતાને પામી જાય છે

એવા આપણાં ગોં સં. ના અનેક અમૂલ્ય રત્નો " બહુરત્ના વસુધરા " પાકયા છે કે જેમણે આપણા ચતુર્વિધ સંઘો ઉપર અસીમ કૃપા વરસાવી પ્રેરણાંની અમૃતધારા વહેવડાવી છે તેઓમાના અમુક મુખ્ય સ ત, સતીજીઓની મ ગળ સ્મૃતિ ને ચાર કાલીન શાશ્વતી બનાવી તેમની જીવન ઝરમર પ્રકાશી તેઓની પુણ્ય તિથીઓએ ભાવભરી શ્રદ્ધાંજલી આપી કૃતાર્થ બનીએ

મહાપુરૂષો જાય છે આપણાં સમક્ષ એમના જીવનના આદર્શો મુકી જાય છે સોની અંગારા પર રાખ વળી ગઈ હોય, એને ફુ કણીથી ઉડાડે છે તેમ દર વર્ષે મહાપુરૂષોની પુણ્ય તિથિઓ આપણે ઉજવી મહાપુરૂષોના જીવન ચરિત્રો યાદ કરી સ્મરણ કરીએ કે જેથી પ્રમાદમાં પડેલા જીવો જાગૃત થાય આળસ ખ ખેરી મહાપુરૂષોના માર્ગે ચાલવાનો પ્રયત્ન કરે તો અવશ્ય સદગતી મેળવે

" સુભાષિતો " પૂ. સ ત સ તીજીઓના પથદર્શક પ્રવચનો દ્વારા (સ ક્ષિપ્ત) માનવ જીવન એ તો સિંહણના દુધ જેવુ છે, સિંહણના દુધને ઝીલવા જેમ સુવર્ણ પાત્ર યોગ્ય છે, તેમ માનવ જીવન સફળ કરવા માટે સંત સતીજીઓના સમાગમ, સદ્ભાવના સુઆચાર વિચાર ધર્મ આરાધના ની ધણીજ જરૂર છે. સત્સંગ સ્વધ્યાય, સદ્વૃતિ, ધર્મ પરાયણ બનવા આપણે સહુ આ મહાન જીનમ સાધનની પવિત્ર ભાવના અ તર આત્મામાં જરૂર અપનાવીએ

" આરાધનામા ઉધમવંત રહો " દેવ, ગુરૂ, ધર્મ અને સુત્ર સિદ્ધાંતની આરાધના કરીને અનંતા જીવો સંસાર સાગર તરી ગયા છે. વર્તમાન કાળમાં સખ્યાતા આત્માઓ તરે છે. અને ભવિષ્યમાં પણ અનંત આત્માઓ તરી જશે.

" વિરાધના પરહરો " દેવ, ગુરૂ, ધર્મ અને સુત્ર સિદ્ધાંતની વિરાધના

સ્થા. જૈન પત્રના તંત્રી શ્રી જીવણલાલભાઈ સંઘવી અમદાવાદ

" અભિપ્રાયના " બે શબ્દો

ધર્મ પ્રેમી શ્રીગીરધરલાલ દોશી - ઈન્દોર આપે શ્રી " ગોંડલ ગચ્છ દર્શન " પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત કરેલ તે બદલ આભાર તેમજ બીજી આવૃત્તિ પ્રકાશિત કરો છો એ પણ ઉત્તમ અને આવકાર દાયક અને પરોપકારી કાર્ય કરેલ છે.

બીજી આવૃત્તિના હસ્ત લેખીત પેજ મને મોકલાવેલ તે વાંચી સુધારી સંશોધન કરી આપેલ છે તે બદલ મારા અભિપ્રાયના બે શબ્દો અંકિત કરૂં છું. જે સ્થા જૈન સમાજના ઉત્કર્ષ સાધુ સાધ્વીજીઓના અને આગમ ગ્રંથોના સત્સમાગમ અને પરિચય પર નિર્ભર છે. આપણી સ્મૃતિમા જે જે પ્રભાવક મુનિવરો, મહાસતીજીઓ થઇ ગયા તેમની પ્રશસ્યા ગુણગ્રામ કરવા. એ મહા નિર્જરાનું કાર્ય છે.

તેમજ તે તે પુણ્યાત્માઓની પુણ્ય તિથિઓ ઉજવવી તેઓના ગુણ કિર્તન કરવા, કરાવવા, અનુમોદવા એ તીર્થંકર ગૌત્ર બાંધવાના કારણો ભગવાન મહાવીર બાપ્યા છે

તમે સ્થા. જૈન સમાજના જ્યોતિર્ધરોનો પરિચય કરાવવા રૂપ " ગોંડલ ગચ્છ દર્શન " પુસ્તક પ્રગટ કરી રહ્યા છો તે માટે તમો તથા પ્રકાશનાનુરાગીઓ મારા અને સમાજના અવશ્ય અભિનંદનને પાત્ર છો કેમકે સમાજ આવા મહાન આત્માઓના પવિત્ર જીવન ચરિત્રો વાંચી પ્રેરણાં મેળવી સ્વકલ્યાણ સાધી શકે એ માટે આ પુસ્તક દ્વારા પ્રેરણાં મળી શકે એમ છે, જેથી સાહુને ઉપયોગી બનશે

" સદ ઉપદેશ "

બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો ,
તોયે અરે ભવ ચક્રનો, ફેરો નહિ એકે ટળ્યો.

સદગુરુ ગુરુણીઓ બતાવે એ માર્ગે જ્ઞાન, દર્શન, ચારિત્ર, દાન, શીયળ, તપ, ભાવ રૂપી ધર્મના પ્રયોગનું સેવન કરીને સિદ્ધ સ્વરૂપ પ્રગટાવી શકાય છે માટે ધર્મ પુરુષાર્થની પણ જરૂર છે. આ માટે પ્રાર્થના, સ્વાધ્યાય, વાંચણાં, પુચ્છણાં, પરિયટણા, વિગેરે સદગુરુની આજ્ઞા અનુસાર આરાધના કરવાની ખાસ જરૂર છે.

ભગવંત જીનેશ્વરદેવોએ બતાવેલી સાધુ ધર્મની અને શ્રાવક ધર્મની અનેક પવિત્ર ક્રિયાઓ અણમોલ ઔષધી છે. એ ઔષધી દ્વારા અનંતા આત્માંઓએ મહાન આત્મ વિશુદ્ધિ પ્રાપ્ત કરી છે, પરંતુ તે આત્મ વિશુદ્ધિ તેમણે જ પ્રાપ્ત કરી છે કે જેઓએ સાંસારિક, લૌકિક, અને પૌદ્ગલિક સુખોની ઇચ્છાઓને સદંતર તિલાંજલી આપી ત્યાગી દીધેલ છે.

માનવ જીવન પર ભોગ વિલાસ જેવું કાતિલઝેર બીજુ કોઇ નથી
વિષય વિનાશ નોતરે છે, ત્યાગ વૈરાગ્ય એ આત્મિક લાભ મેળવે છે.

ૐ બહુ રત્ના વસુંધરા ૐ

શ્રી ગોંડલ ગચ્છના સ્થાપક, અધિપતિ, મહાન જ્યોતિર્ધર બા. બ્ર. પૂજ્ય આચાર્ય શ્રી ડુંગરસિંહજી મ. ની પરંપરાએ ભૂતપૂર્વ મહાપુરૂષો સંત સતીજીઓ સંયમ પંથે વિચરી, સ્વર્ગે સિધાવેલ છે, તેઓશ્રીની પુણ્ય તિથિઓએ શ્રધ્ધાંજલી આપવા તેઓની જીવન ઝરમર તથા પ્રેરક પ્રસંગોનું જીવન ચરિત્ર " ગોંડલ ગચ્છ જ્યોતિર્ધર નામનું પુસ્તક રચી બા બ્ર પૂ જનકમુનિ મ. એ રાજકોટ મુકામે સં ૨૦૧૧ મા પ્રસિદ્ધ કરેલ છે, તેમાંથી સંગ્રહિત કરેલ ટુંક વર્ણન પ્રસ્તુત " ગોંડલ ગચ્છ દર્શન " નામના પુસ્તક ની બન્ને આવૃત્તિમાં પ્રગટ કરવામાં આવે છે કે જેથી પૂ મુનિવરો પૂ મહાસતીજીઓ, તથા શ્રી સંઘોએ એમની પુણ્ય તિથિઓ ઉજવી શ્રદ્ધાંજલી આપવા ચતુર્વિધ સંઘ ને ઉપયોગી બને.

ગોંડલ ગચ્છ રૂપી ગંગાનુ પ્રવર્તન કરવા માટે સમર્થ એવા મહા પુરૂષ, આચાર્ય પ્રાત સ્મરણીય બા. બ્ર. પરોપકાર ૧૦૦૮ પૂ " શ્રી ડુંગરસિંહજી મહારાજ " એવા શુભ નામથી જગવિખ્યાત બની અમરપદ ને વર્યા છે

ગુરૂ ગોવિંદ દોનું ખડા, કિસકું લાગું પાય
બલિહારી ગુરૂદેવ ડુંગરસિંહજી મ.ની જીસને ધર્મ દિયો બતલાય.

